**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Thursday
01.12.2022
Year 10, Issue 306

દૈનિક

● વર્ષ : ૧૦ ● અંક : ૩૦૬ ● તા.૦૧.૧૨.૨૦૨૨ ● ગુરૂવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 10 ● Issue : 306 ● Date : 01-12-2022 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387


### સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે : ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે

# વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન આજે થશે

## બજારની વાત

તા.૩૦.૧૧.૨૦૨૨

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૬૩૦૯૯.૬૫ | ૪૧૭.૮૧ | ૦.૬૭ % |
| **નિફટી** | | |
| ૧૮૭૫૮.૩૦ | ૧૪૦.૩૦ | ૦.૭૫ % |

**કોમોડીટી**

| | | |
|---|---|---|
| **ક્રુડ** | | |
| ૬,૫૮૧.૦૦ | ૧૫૯.૦૦ | ૨.૪૮ % |
| **સોનું** | | |
| ૫૨,૪૮૭.૦૦ | ૧૭૯.૦૦ | ૦.૩૪% |
| **ચાંદી** | | |
| ૬૨,૧૬૫.૦૦ | ૧,૦૧૪.૦૦ | ૧.૬૬ % |
| **નેચરલ ગેસ** | | |
| ૫૬૬.૮૦ | -૨૪.૭૦ | -૪.૧૮ % |

**ચલણી નાણું**

| | | |
|---|---|---|
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૨.૩૭૫૦ | -૦.૪૮ | -૦.૫૮ % |

## સૌરાષ્ટ્રની ૪૮, કચ્છની ૬ અને દક્ષિણ ગુજરાતની ૩૫ બેઠકો સામેલ : મતદારો ૮૯ બેઠકો માટે ચૂંટણી લડી રહેલા ૭૮૮ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૩૦

ચૂંટણી પંચે પ્રથમ તબક્કાના મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીની કલાકો બાકી છે. ગુજરાતમાં ચૂંટણીના પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદાન થશે. ૧ ડિસેમ્બરને ગુરૂવારે સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૭૮૮ ઉમેદવારોનું ભાવી નક્કી થશે. પ્રથમ તબક્કામાં ૩૯ રાજકીય પક્ષો વચ્ચે જંગ છે. જેના માટે ૨ કરોડ ૩૯ લાખથી વધુ મતદારો મતદાન કરશે. જ્યારે ૬ લાખ મતદારો પ્રથમ વાર મતાધિકારનો ઉપયોગ કરશે પ્રથમ તબક્કા માટે ૨૫ હજાર ૪૩૦ મતદાન મથકો રહેશે અને કુલ ૩૪,૩૨૪ EVM અને ૩૮,૭૪૯ VVPAT મશીનોમાં




મતદાન થશે ચૂંટણી પંચની દેખરેખમાં તમામ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થશે

ચૂંટણી પંચના કમિશ્નર પી. ભારતીએ જણાવ્યું હતું કે આ પ્રથમ તબક્કાની તમામ બેઠકો પર EVM અને VVPATનું વ્યવસ્થાપન પૂર્ણ થઈ ચૂક્યું છે. મતદાન માટે કુલ ૧ લાખ ૬ હજાર ૯૬૩ કર્મીઓ તૈનાત રહેશે મતદાન બુથ પર વેબ કાસ્ટીંગ માટે વિશેષ સ્ટાફ પણ તૈનાત રહેશે. ત્યારે બહોળી સંખ્યામાં મતદાન થાય તે માટે ચૂંટણી પંચે ગુજરાતની જનતાને અપીલ કરી છે.

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠક માટે મતદાન થશે. મતદારોનો રીઝવવા રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને AAP ડોર ટુ ડોર પ્રચાર અને ખાટલા બેઠક કરશે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠકો માટે મતદાન યોજાશે. કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં મતદાન થશે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદારો મતદાન કરશે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠક પર મતદાન થશે. ગુરૂવારે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે. ૨ કરોડ ૧૩ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૬ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે. પહેલા તબક્કામાં જે ૮૯ બેઠકો છે તેમાંથી અનેક બેઠકો એવી છે જ્યાંથી હાલની સરકારના મંત્રીઓ અને મોટા મોટા નેતાઓ મેદાનમાં છે. આ બેઠકોમાં કુતિયાણા, ભાવનગર, પોરબંદર, વરાછા રોડ સહિત અનેક બેઠકો એવી છે જે ગુજરાતના રાજકારણની દિશા નક્કી કરશે.

૧૯ જિલ્લામાં જે જિલ્લાની બેઠકો પર મતદાન થશે તેમાં કચ્છ જિલ્લાની ૬ બેઠક, સુરેન્દ્રનગર જિલ્લાની ૫ બેઠક, મોરબી જિલ્લાની ૩ બેઠક, રાજકોટ જિલ્લાની ૮ બેઠક, જામનગર જિલ્લાની ૫ બેઠક, દેવભૂમિ દ્વારકાની ૨ બેઠક, પોરબંદર જિલ્લાની ૨ બેઠક, જૂનાગઢ જિલ્લાની ૫ બેઠક, ગીર સોમનાથ જિલ્લાની ૪ બેઠક, અમરેલી જિલ્લાની ૫ બેઠક, ભાવનગર જિલ્લાની ૭ બેઠક, બોટાદ જિલ્લાની ૨ બેઠક, નર્મદા જિલ્લાની ૨ બેઠક, ભરૂચ જિલ્લાની ૫ બેઠક, સુરત જિલ્લાની ૧૬ બેઠક, તાપી જિલ્લાની ૨ બેઠક, ડાંગ જિલ્લાની ૧ બેઠક, નવસારી જિલ્લાની ૪ બેઠક, વલસાડ જિલ્લાની ૫ બેઠકનો સમાવેશ થાય છે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આ વિશે માહિતી આપતા કહ્યું કે, પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાઓમાં મતદાન થશે. સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર મતદાન થશે. કુલ ૯૯૮ ઉમેદવારો મેદાન છે. કુલ ૨ કરોડ ૧૩ લાખ મતદારો મતદાન કરશે, જેમાંથી ૧ કરોડ ૧૫ લાખ મહિલા મતદારો છે. ૬ લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ૧૬૩ NRI મતદારો છે. ૧૪,૩૮૨ મતદાન મથકો પર મતદાન થશે. ૫૦ ટકા મતદાન મથકો પર વેબ કાસ્ટીંગ થશે. શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે કંટ્રોલ રૂમ તૈયાર કરાયો છે. બે દિવસ પહેલા વોટર માહિતીની સ્લીપનું વિતરણ કરી દેવાયું છે. આજે સાંજે ૫ વાગ્યાથી પહેલા તબક્કાનું પ્રચાર બંધ થશે. ૫,૨૨૯ ફરિયાદ અત્યાર સુધી ચૂંટણી પંચને મળી છે. અત્યાર સુધી ૯ ફરિયાદ મળી, જેમાં પોલીસ ફરિયાદ કરી છે.

---

એવું માનવામાં આવે છે કે, પૃથ્વી પર અત્યાર સુધીમાં પાંચ સામૂહિક લુપ્ત થવાની ઘટનાઓ બની છે. પરંતુ મહાવિનાશમાં એવા આબોહવા પરિવર્તનો આવે છે, જેના કારણે પૃથ્વીની મોટાભાગની પ્રજાતિઓ માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું અશક્ય બની જાય છે અને આવી સમગ્ર પ્રજાતિઓ સંપૂર્ણપણે નાશ પામે છે. આવી ઘટનાઓના સમગ્ર ક્રમને મહાવિષણ કહેવામાં આવે છે. પરંતુ નવા અભ્યાસમાં એવું કહેવામાં આવ્યું છે કે, જે રીતે પૃથ્વી પર જીવો મરી રહ્યા છે અને પ્રજાતિઓ નાશ પામી રહી છે, પૃથ્વી એક પ્રકારના મોટા વિનાશમાંથી પસાર થઈ રહી છે અને આટલો મોટો વિનાશ પહેલા પણ આવી ચૂક્યો છે. અત્યારે પૃથ્વી એક મહાવિનાશની મધ્યમાં ચાલી રહી છે, જેમાં દર વર્ષે હજારો પ્રજાતિઓ મરી રહી છે. અભ્યાસ સૂચવે છે કે, આ પ્રકારની ઘટના ઈતિહાસમાં અગાઉ



વૈજ્ઞાનિકોના અનુમાન કરતાં લાખો વર્ષ વહેલા પર્યાવરણીય ફેરફારોને કારણે બની હશે. સંશોધકોને આ તમામ માહિતી ૫.૫ કરોડ વર્ષ જૂના જીવનથી મળી છે. છેલ્લી વખત પૃથ્વી પર મહાવિનાશ આવ્યો, તે ૬.૬ કરોડ વર્ષો પહેલા ક્રેટેશિયસ સમયગાળાના અંતમાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. તે પહેલા ૨૫.૨ કરોડ વર્ષો પહેલા પર્મિયન અને ટ્રાયસિક સમયગાળા વચ્ચે એક મહાવિનાશ થયો હતો. રિવરસાઇડ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને વર્જિનિયા ટેકના સંશોધકોના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૫૫ કરોડ વર્ષો પહેલા એડિયાકરન સમયગાળામાં મોટો વિનાશ થયો હતો. પ્રોસીડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં સંશોધકોનું માનવું છે કે, પર્યાવરણીય ફેરફારોને કારણે ૮૦ ટકા એડિયાકરન પ્રાણીઓનો નાશ થયો છે.

---

### યસ બેંકના ગ્રાહકો માટે મહત્વપૂર્ણ સમાચાર

## યસ બેંક તેની બેલેન્સ એલર્ટ મેસેજ સર્વિસ બંધ કરી દીધી

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૩૦

જો તમે યસ બેંક ગ્રાહકના છો, તો આપના માટે મહત્વપૂર્ણ સમાચાર છે.

યસ બેંક ૧ ડિસેમ્બરથી તેની એક વિશેષ સેવા બંધ કરવા જઈ રહી છે. જો તમે આ સેવાનો લાભ લેવા માંગતા હોય, તો તમે તેની કસ્ટમાઈઝ્ડ સેવા પસંદ કરી શકો છો, પરંતુ ગ્રાહકોએ પહેલા બેંકને જાણ કરવી પડશે.

યસ બેંક તેની બેલેન્સ એલર્ટ મેસેજ સર્વિસ બંધ કરી રહી છે. જે ગ્રાહકોને પેકેજ હેઠળ મેસેજ એલર્ટ સેવા મળી રહી છે તે હવે ૧ ડિસેમ્બરથી નહીં મળે. જો કે, પેકેજનો સબસ્ક્રિપ્શન સમય બાકી હશે, તો પેકેજ સમાપ્ત થાય ત્યાં સુધી બેલેન્સ એલર્ટ મેસેજ પ્રાપ્ત થતી રહેશે. યસ બેંકે થોડા સમય પહેલા આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું અને કહ્યું હતું કે ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી એસએમએસ સેવાની સુવિધા બંધ કરશે. બેંક નોટિફિકેશન સાથે ગ્રાહકોને ઈ-મેલ અને એસએમએસ દ્વારા પણ આ અંગે જાણ કરશે. આ સેવા બંધ થવાથી હવે ગ્રાહકો અન્ય રીતે સુવિધાનો લાભ મેળવી શકશે. ઉદાહરણ તરીકે, જો તમે બેલેન્સ જાણવા માંગતા હો, તો તમે બેલેન્સ ઓનલાઈન અથવા મિસ્ડ કોલ દ્વારા ચેક કરી શકો છો.

જો ગ્રાહક આ સુવિધા મેળવવા માંગે છે, તો ગ્રાહક તેની સુવિધા અનુસાર એસએમએસ સેવાને કસ્ટમાઈઝ કરી શકે છે. આ માટે, તમે એસએમએસ સેવા માટે નોંધણી કરાવી શકો છો અને કેટલાક ફેરફારો સાથે આ સેવાનો લાભ લઈ શકો છો.

*આ રીતે સેવા માટે નોંધણી કરી શકાશે*

- યસ બેંકના ગ્રાહકો તેમના યુઝર આઈડી અને પાસવર્ડ સાથે સત્તાવાર વેબસાઈટ પર લોગઈન કરવું.
- ત્યારબાદ મેનુ પર જાઓ અને પ્રોફાઈલ મેનેજ વિકલ્પમાં એલર્ટ પર ક્લિક કરો.
- આ પછી તમારે તે એકાઉન્ટ સિલેક્ટ કરવું પડશે જેના હેઠળ તમે રજીસ્ટર, મોડીફાઈ અને ડી-રજીસ્ટર કરવા ઈચ્છતા હોય.
- હવે એલર્ટ ટાઈપ પસંદ કરો અને સેવ સિલેક્ટ કર્યા પછી આ સર્વિસ એક્ટિવેટ થઈ જશે.

---

### પાકિસ્તાની સેના પર કાળઝાળ થયું અલકાયદા

## કાશ્મીરને પોતાનું અભિન્ન અંગ બનાવવામાં સફળ રહ્યું ભારત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૩૦

દુનિયાના ખૂંખાર આતંકી સંગઠનોમાંથી એક અલ કાયદાનું માનવું છે કે કાશ્મીર હવે ભારતનું અભિન્ન અંગ છે. અલકાયદાનું માનવું છે કે કલમ ૩૭૦ હટ્યા બાદ કાશ્મીરમાં ભારત સરકારને સફળતા મળી છે. અલકાયદાએ આ નિવેદન પાકિસ્તાની સેના પર પોતાની ભડાશ કાઢવા માટે આપ્યું છે. પાકિસ્તાની સેનાને કાયર ગણાવતા અલકાયદાએ કહ્યું કે તેમના કારણે કાશ્મીરમાં આતંકવાદ ઓછો થઈ રહ્યો છે. આ સાથે જ તેમણે એમ પણ કહ્યું કે ભારત કાશ્મીરમાં હવે સફળ થઈ રહ્યું છે.

AQIS ની ઓફિશિયલ મેગેઝીન મુજબ ભારત સરકારની કાશ્મીર નીતિ સફળ રહી છે અને અલકાયદાએ તે માટે પાકિસ્તાનને ખુબ સંભળાવ્યું પણ છે. આતંકી સંગઠનનું કહેવું છે કે પાકિસ્તાની આર્મી ડરપોક છે અને તેઓ આતંકીઓને કાશ્મીર મોકલી શકતી નથી.

હકીકતમાં મોદી સરકારે વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ને નિષ્પ્રભાવી કરી નાખી હતી. ત્યારબાદ અલકાયદાએ કાશ્મીર પર ફોકસ કર્યું છે અને તે અફઘાનિસ્તાન દ્વારા કાશ્મીર ખીણમાં આતંકવાદને વધારવા માંગે છે. પરંતુ ભારતીય સુરક્ષા દળો સતત આતંકીઓનો કાશ્મીરમાંથી સફાયો કરી રહ્યા છે. નિષ્ફળતાથી કંટાળીને હવે અલકાયદાએ પાકિસ્તાન પર ઊભરો ઠાલવ્યો છે.

મેગેઝીમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની સેના તે આતંકીઓનો સફાયો કરી રહી છે જેમને કાશ્મીર માટે તૈયાર કરવામાં આવ્યા હતા. આ રીતે તે ભારતને જ ફાયદો પહોંચાડી રહી છે. ખૂંખાર આતંકી સંગઠન અલકાયદાએ કારગિલ યુદ્ધમાં મળેલી હારને લઈને પાકિસ્તાની સેનાની મજાક ઉડાવી છે. મેગેઝીનમાં અલકાયદાએ મુસલમાનોને એકજૂથ થવાનું આહ્વાન કરીને કાશ્મીરમાં સમર્થન આપવાનું કહ્યું છે. અલકાયદાએ અસાર ગજાવત-ઉલ હિંદને કાશ્મીરનું એકમાત્ર સાચું આતંકી સંગઠન ગણાવ્યું છે. નોંધનીય છે કે અલકાયદા અને તેને સંલગ્ન આતંકી સંગઠનોના દરેક નાપાક ઈરાદાઓને કાશ્મીરમાં સુરક્ષાદળો નિષ્ફળ કરતા આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સેનાએ અનેક પાકિસ્તાની અને વિદેશી આતંકીઓને ઠાર કર્યા છે.

---

## આધાર કાર્ડની માફક હવે બર્થ સર્ટિફિકેટ પણ ફરજિયાત બનશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકાર હવે આધાર કાર્ડની માફક લગભગ દરેક જગ્યાએ જન્મ પ્રમાણ પત્રને એક ફરજિયાત દસ્તાવેજ બનાવાનો પ્રસ્તાવ લાવી શકે છે. શૈક્ષણિક સંસ્થામાં એડમિશન, મતદાર યાદીમાં નામ, કેન્દ્ર અને રાજ્ય સરકારની નોકરીઓમાં નિમણૂંક, ડ્રાઈવિંગ લાયસન્સ અને પાસપોર્ટ બનાવવા જેવા કેટલાય જરુરી કામોમાં હવે જન્મ પ્રમાણ પત્રને એક ફરજિયાત દસ્તાવેજ બનાવાની દિશામાં કામ કરી રહી છે. એક ડ્રાફ્ટ બિલ અનુસાર, જન્મ અને મૃત્યુ રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૬૯માં સંશોધન કરી શકે છે. કેન્દ્રીય રીતે સંગ્રહિત ડેટાને વાસ્તવિક સમયમાં કોઈ પણ માનવ ઈંટરફેસની જરુરિયાત વિના અપડેટ કરવામાં આવશે. તેમાં જ્યારે કોઈ વ્યક્તિ ૧૮ વર્ષનો થઈ જાય છે, તો તે મતદાર યાદીમાં જોડાય જશે અને તેના મૃત્યુ બાદ તે હટી જશે. પ્રસ્તાવિત પરિવર્તનો અનુસાર, હોસ્પિટલો અને મેડિકલ સંસ્થાઓ માટે આ ફરિયાદ હશે કે તે મૃતકોના સંબંધીઓ ઉપરાંત સ્થાનિક રજીસ્ટ્રારને મૃત્યુનું કારણ બતાવતા તમામ ડેથ સર્ટિફિકેટની એક કોપી આપે. જો કે, આરબીડી અધિનિયમ, ૧૯૬૯ અંતર્ગત જન્મ અને મૃત્યુ રજીસ્ટ્રેશન પહેલાથી જ ફરજિયાત છે અને તેનું ઉલ્લંઘન કરવું દંડનિય અપરાધ છે. સરકાર હવે સ્કૂલોમાં પ્રવેશ અને લગ્ન રજીસ્ટ્રેશન જેવી પાયાની સુવિધાઓ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવીને તેના અનુપાલનમાં સુધારો કરવા માગે છે. ગૃહમંત્રાલય દ્વારા પ્રસ્તાવિત આરબીડી અધિનિયમ, ૧૯૬૯માં સંશોધન કરનારા આ બિલમાં કહેવાયુ છે કે, સ્થાનિક રજીસ્ટ્રારો દ્વારા જાહેર કરવામાં આવેલા બર્થ સર્ટિફિકેટનો ઉપયોગ કોઈ વ્યક્તિની જન્મતારીખ અને સ્થાનને સાબિત કરવા માટે કરવામાં આવશે. આ બિલને ૭ ડિસેમ્બરથી શરુ થતાં સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરવાની સંભાવના છે. મામલા પર જાણકાર લોકોએ કહ્યું કે, રાજ્ય સરકારો તેના પર ટિપ્પણી મળી છે અને તેમાં જરુરી પરિવર્તનો સામેલ કર્યા છે. સૂત્રોએ કહ્યું કે, કેમ કે આગામી સત્રમાં ૧૭ બેઠકો છે. એટલા માટે આ બિલ પર ચર્ચા આગામી સત્રથી કરી શકાય છે.

---

### ક્રૂડ ઓઈલની કિંમત ૮ મહિનાથી નીચલા સ્તરે

## દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૩૦

હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ૮ મહિનાથી નિચલા સ્તરે જોવા મળે છે. અત્યારે પ્રતિ બેરલ ૮૧ ડોલરથી પણ નીચે આવી ગયો છે. જ્યારે અમેરિકી ક્રૂડ ઓઈલ અંદાજે ૭૪ ડોલર પ્રતિ બેરલ છે. તો આ દ્રષ્ટિએ ક્રૂડ ઓઈલના ભાવ ઓછા થવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. તો મે મહિના બાદ પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડાથી ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ઘટીને બેરલ દીઠ ૮૨ ડોલર થઈ ગઈ છે. જે માર્ચ મહિનામાં ૧૧૨.૮ ડોલર હતી. તે મુજબ છેલ્લા ૮ મહિનામાં રિફાઈનિંગ કંપનીઓ માટે ક્રૂડ ઓઈલની કિંમતમાં ૩૧ ડોલર (૨૭%)નો ઘટાડો થયો છે.નિષ્ણાતોના મતે દેશની ઓઈલ કંપનીઓ ક્રૂડમાં દર ઈ૧ના ઘટાડા માટે રિફાઈનિંગ પર પ્રતિ લિટર ૪૫ પૈસા બચાવે છે. આ મુજબ જોઈએ તો પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૪ રૂપિયા પ્રતિ લીટર ઓછો હોવો જોઈએ. જો કે નિષ્ણાતોના મત મુજબ સમગ્ર ઘટાડો એક જ વારમાં કરવામાં નહિ આવે.વર્ષ ૨૦૧૦ના જુન સુધી સરકાર પેટ્રોલની કિંમત નક્કી કરતી હતી અને દર ૧૫ દિવસે તેમાં ફેરફાર થતો હતો. પરંતુ ૨૬ જૂન ૨૦૧૦ પછી સરકારે તેલ કંપનીઓને પેટ્રોલના ભાવ નક્કી કરવાનું કહ્યુ છે. આવી જ પ્રમાણે ઓક્ટોબર ૨૦૧૪ સુધી ડીઝલના ભાવ સરકાર નક્કી કરતી હતી. એટલે આ રીતે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નક્કી થાય છે. ૧૯ ઓક્ટોબર ૨૦૧૪થી સરકારે ભાવ નક્કી કરવાનું કામ ઓઈલ કંપનીઓને સોંપી દીધું હતું. હાલમાં ઓઈલ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત, એક્સચેન્જ રેટ, ટેક્સ, પેટ્રોલ અને ડીઝલના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને અન્ય ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને પેટ્રોલ અને ડીઝલની કિંમત નક્કી કરે છે.દેશમાં હાલ પેટ્રોલ-ડીઝલની જે કિંમતો ચાલી રહી છે તે મુજબ તો ક્રૂડ ઓઈલનું ઈન્ડિયન બાસ્કેટ અંદાજે ૮૫ ડોલર પ્રતિ બેરલ હોવો જોઈએ પરંતુ આ ભાવ ૮૨ ડોલરની આસપાસ આવી ગયો હોવાથી આ અત્યારે ઓઈલ માર્કિંગ કંપનીઓ પ્રતિ બેરલ (૧૫૯ લીટર) રિફાઈનિંગ પર અંદાજે ૨૪૫ રૂપિયા બચાવ કરતી હશે.ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પૂરીના જણાવ્યા મુજબ સરકારી ઓઈલ કંપનીઓને પેટ્રોલ વેચાણ પર હવે નફો થવા લાગ્યો છે.

---

### દિલ્હીમાં એમસીડી ઈલેક્શન વચ્ચે રાજકીય ગરમાવો

## ટૂંકમાં દિલ્હીની ગેરકાયદેસર કોલોનીઓ રેગ્યુલરાઈઝ કરાશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીમાં એમસીડી ઈલેક્શન વચ્ચે રાજધાનીની કોલોનીઓ અને રહેવાસી વિસ્તારના કાયાકલ્પને મુદ્દે ભાજપે પોતાનો સંપૂર્ણ પ્લાન રજૂ કર્યો છે. જેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યુ કે ટૂંક સમયમાં જ કેન્દ્રની યોજના હેઠળ દિલ્હીની ગેરકાયદેસર કોલોનીઓને રેગ્યુલરાઈઝ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે આ પીએમ ઉદય યોજનાથી દિલ્હીના ૫૦ લાખ લોકોને ફાયદો થશે.

તેમણે કહ્યુ કે દિલ્હીની વસતી સતત વધી રહી છે, આને જોતા કેન્દ્ર સરકાર ગરીબોને ઘર આપી રહી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ, દિલ્હીની વસતી આગામી જનગણતરીમાં બે કરોડથી વધુની હશે. હવે આ વસતીમાં આપણી જે યોજનાઓ છે તેમાં જ્યાં ઝૂંપડી ત્યાં મકાન યોજનાના ૧૦ લાખ લાભાર્થી હશે. ગેરકાયદેસર કોલોનીઓને મુદ્દે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મુદ્દો લટકાવીને રાખ્યો. અમને આશા છે કે ૫૦ લાખ નાગરિકોને ગેરકાયદેસર કોલોનીઓને કાયદેસર કરવાથી ફાયદો મળશે.

લગભગ ૧ કરોડ ૩૫ લાખ દિલ્હીના નાગરિકોને રીડેવલપમેન્ટનો લાભ મળશે. ૨૦૪૦ સુધી દિલ્હીની કુલ વસતી ૩ કરોડ સુધી પહોંચી જશે. વસતી સંખ્યા સતત વધી રહી છે પરંતુ જમીન એટલી જ છે. તેથી દિલ્હી માટે ૨૦૪૧ સુધીનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ગરીબો માટે પાકા મકાન અને ગેરકાયદેસર કોલોનીઓના રીડેવલપમેન્ટનું કામ સામેલ છે. મંત્રીએ જણાવ્યુ કે લેન્ડ પૂલિંગ યોજના અંતર્ગત ૭૫ લાખ લાભાર્થી હશે. અર્બન ડેવલપમેન્ટ મિનિસ્ટર હરદીપ પુરીએ પ્રેસ કોન્ફરન્સમાં તે વાતોને પણ મૂકી જે ભાજપના મેનિફેસ્ટોમાં છે. તેમણે કહ્યુ કે જેલરવાલા બાગમાં પણ એક પ્રોજેક્ટ છે, જેમાં મોટી સંખ્યામાં ફ્લેટ બનાવવામાં આવ્યા છે. આ સિવાય કઠપૂતળી કોલોની અને અમુક અન્ય પ્રોજેક્ટ્સ પણ છે. કેન્દ્ર સરકાર સતત ગરીબો માટે કામ કરી રહી છે.

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

ઓલિમ્પિક એસોસિએશનના પંચાણું વર્ષના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે કોઈ મહિલા તેની પ્રમુખ બની હોય. પી.ટી.ઉષા બિનહરીફ ચૂંટાયા છે. અન્ય કોઈએ તેની સામે ફોર્મ ભર્યું નથી. આ રીતે તમામ રમતગમત સંગઠનોએ તેમના પ્રત્યે આદર દર્શાવીને આ જવાબદારી સોંપી છે.

પીટી ઉષા નિઃશંકપણે ઘણી મહિલા ખેલાડીઓ અને છોકરીઓ માટે રોલ મોડેલ રહી છે. આનાથી તેમનું મનોબળ વધ્યું. એ અર્થમાં પણ પ્રોત્સાહક છે કે તેમાં કોઈ રાજકીય હસ્તક્ષેપ નહોતો. રમતગમત સંગઠનોમાં રાજકારણીઓના કબજાને કારણે રમતગમતમાં અપેક્ષિત પ્રદર્શન જોવા મળતું નથી તેવા આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા છે. રમતગમતના સંગઠનોમાં રહેલા રાજકારણીઓ પર પણ ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે. ખેલાડીઓની પસંદગીમાં પક્ષપાતી વલણ અપનાવવાની ફરિયાદો પણ ઉઠી છે. આ રીતે ઓલિમ્પિક એસોસિએશનને સ્વચ્છ રીતે કામ કરવાનો વિશ્વાસ ઉભો થયો છે.

પીટી ઉષાએ પોતે ઓલિમ્પિકમાં ભારતનું નામ રોશન કર્યું છે, તેમને ઉડાન પરીના નામથી સન્માનિત કરવામાં આવે છે. રમતમાંથી નિવૃત્તિ લીધા પછી, તે આ એસોસિએશન સાથે સંકળાયેલી છે અને પ્રતિભા સંઘના સભ્યોની પ્રમુખ પણ રહી છે. તેઓ ઓલિમ્પિયાડ પરીક્ષાઓ યોજે છે. આ રીતે, કોઈ પણ વ્યક્તિ ઓલિમ્પિક ગેમ્સ માટે તેના દેશની રમત પ્રતિભાઓને તૈયાર કરવાના તેના જુસ્સાને સમજી શકે છે. ગત ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ખૂબ જ પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી કે જો ખેલાડીઓને યોગ્ય તાલીમ અને રમતનું વાતાવરણ મળે તો તેઓ વિશ્વમાં ભારતની એક અલગ ઓળખ બનાવી શકે છે. પીટી ઉષા ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ બન્યા બાદ સ્વાભાવિક રીતે જ આ અપેક્ષાઓ ઉમેરાઈ છે.

જો કે તેમની સામેના પડકારો ઓછા નથી. ખાસ કરીને ખેલાડીઓની પસંદગીને લઈને ઘણીવાર વિવાદો ઉભા થાય છે. ગત ઓલિમ્પિક દરમિયાન પણ એક ખેલાડીએ તેની પસંદગીમાં પક્ષપાતી અભિગમ અપનાવવા બદલ કોર્ટનો સંપર્ક કર્યો હતો. એ જ રીતે, તેમના કોચ, જરૂરી સાધનો, ખોરાક, રમતગમતનું વાતાવરણ વગેરે વિશે ફરિયાદો છે. આ બધા માટે રાજકીય સંઘર્ષ કરવો પડશે. જો કે પીટી ઉષા શાસક પક્ષ તરફથી રાજ્યસભાના સાંસદ પણ છે, તેમ છતાં તેમના પર રાજકીય પ્રભાવ નકારી શકાય તેમ નથી. પરંતુ તેમની પ્રતિબદ્ધતા રમતગમત પ્રત્યે છે, તેથી તેમની પાસેથી સક્રિય રાજકારણમાંથી આવતા લોકો જેવા પક્ષપાતી વલણની અપેક્ષા રાખી શકાય નહીં. ગત ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓના પ્રોત્સાહક પ્રદર્શન બાદ કેન્દ્ર સરકારે આગામી ઓલિમ્પિકની તૈયારીઓ પર વિશેષ ભાર મૂક્યો હતો. વડાપ્રધાને પોતે મેડલ વિજેતા ખેલાડીઓ સાથે વાત કરીને તેમનું મનોબળ વધાર્યું હતું અને તેમને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી હતી. આવી સ્થિતિમાં પીટી ઉષા સરકારના ઈરાદા મુજબ ઓલિમ્પિક એસોસિએશન ચલાવે તેવી અપેક્ષા છે. તેઓ ભાગ્યે જ પૈસા અને સંસાધનો વગેરેની અછતનો સામનો કરે છે. પરંતુ જોવાનું રહેશે કે આ સંઘ પ્રતિભાઓને કેવી રીતે ઓળખે છે અને તૈયાર કરે છે. કહેવા માટે દેશભરમાં સ્પોર્ટ્સ ફેડરેશનો છે, જિલ્લા કક્ષાએ ખેલાડીઓની પ્રતિભાને ઓળખવા માટેની વ્યવસ્થા છે, પરંતુ તેમાંથી ઘણા ખેલાડીઓ ઉપેક્ષા અને હતાશાનો ભોગ બને છે. ખરો પડકાર ઓલિમ્પિક એસોસિએશન માટે તમામ સ્પોર્ટ્સ ફેડરેશનો સાથે સંકલન કરીને કામ કરવાનો અને નિષ્પક્ષ રીતે ખેલાડીઓને તૈયાર કરવાનો રહેશે.

# હું બોલું તો તમે બોલશો કે બોલે છે (મૈં બોલુંગા તો બોલોગે કી બોલતા હૈ) : આધુનિકતાનો અર્થ અશ્લીલતા નથી



સત્ય અઘરું હોય

સંજય શ્રીવાસ્તવ
(મો) ૭૦૦૦૫ ૮૬૬૫૨



આજે આધુનિકતાના નામે સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે તે કોઈનાથી છુપાયેલ નથી.આજે આપણે આધુનિકતાની વ્યાખ્યા બદલી નાખી છે.આજે સમજવું મુશ્કેલ છે કે આપણે ખરેખર આધુનિક યુગમાં છીએ કે પથ્થર યુગમાં. .પ્રાથમિક સમયમાં તે પોતાના જીવન માં પ્રાણીની જેમ જીવતો હતો.અગ્નિની શોધ પહેલા માણસ પ્રાણીઓનો શિકાર કરતો હતો અને તેનું કાચું માંસ ખાઈને જીવતો હતો.માણસ તેની કુદરતી સ્થિતિમાં જીવતો હતો.અગ્નિની શોધ પછી અને ખોરાકના ઉત્પાદન પછી, માણસની સ્થિતિમાં સુધારો થયો. માણસે તેના શરીરને ઝાડના પાંદડા અથવા છાલથી ઢાંકવાનો પ્રયાસ શરૂ કર્યો કારણ કે નગ્ન રહેવાથી અસ્વસ્થતા અનુભવવા લાગી. સામાજિક વ્યવસ્થા હેઠળ માણસે પોતાના માટે કેટલાંક સામાજિક ધોરણો સ્થાપિત કર્યાં. સમાજ અને વ્યક્તિ કુટુંબમાં કેવી રીતે જીવશે તેના પર નિર્ધારિતકેટલાક નિયમો હતા. ઈશ્વરની વિભાવના પછી, ધર્મનો ઉદ્ભવ થયો જેણે મનુષ્યને વધુ નિયંત્રિત બનાવ્યો. લગ્નના બંધન અને કુટુંબની રચના સામાજિક વ્યવસ્થા હેઠળ આકાર લેવાનું શરૂ કર્યું. અરાજકતાની પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા પછી સમાજમાં માણસે સંસ્કારીમાં રહેવાનું શરૂ કર્યું. લોકલાજની નવી વ્યાખ્યા આવી. શરૂઆતના ગાળામાં સમાજમાં મહિલાઓનું સ્થાન સમાન હતું.પરંતુ તે પછી પણ સ્ત્રીઓ ક્યારેય ઉચ્છૃંકલ ન હતી.સ્ત્રીઓ માટે સામાજિક પ્રતિષ્ઠાનું પાલન કરવું ફરજિયાત હતું.છેલ્લા સો વર્ષ પહેલાં સુધી આ સ્થિતિ એવી જ હતી. છેલ્લા દોઢસો વર્ષ પહેલાં મહિલાઓને પુરૂષોની જેમ સમાન અધિકાર મળવાની પ્રક્રિયામાં પશ્ચિમી દેશોમાં સમાજમાં થોડી નિખાલસતા આવી હતી, જેની અસર ભારત જેવા દેશોમાં પણ થઈ હતી. સમાનતાના અધિકારે સમાજમાં સ્ત્રીની સ્થિતિને નવી રીતે વ્યાખ્યાયિત કરવાનું શરૂ કર્યું.આધુનિકતાના નામે સ્ત્રીનાં વસ્ત્રો તેમના શરીર પરથી સંકોચવા લાગ્યાં.સ્ત્રીઓ દ્વારા તેમના અંગોનું પ્રદર્શન આધુનિકતાનું પ્રતીક બની ગયું છે.બીજી તરફ પુરુષો માટે નશો કરવો તે આધુનિકતાનો પરિચય બની ગયું.પહેલાં ન માદક દ્રવ્યોનું સેવન દારૂ કે સિગારેટ પૂરતું સીમિત હતું, પરંતુ વર્તમાન યુગમાં સમાજના ઉચ્ચ વર્ગનની કોઈ પણ પાર્ટીમાં નશાની પ્રથા ઝડપથી ફેલાઈ રહી છે.હવે કોઈ પણ પાર્ટી ની સફળતા એ પણ નિર્ભર છે કે નશાની વ્યવસ્થા કેવી રહી હતી.આધુનિકતાના નામે જ્યાં એક તરફ મહિલાઓના શરીરમાંથી કપડા ખરવા લાગ્યા અને બીજી તરફ પુરુષો ડ્રગ્સના ખોળામાં ડૂબી જવા લાગ્યા.આજે શહેરના કોઈપણ પબમાં જાઓ.ત્યાં તમે છોકરા-છોકરીઓ નશો કરતા જોવા મળે છે.જો કે તેમની સંખ્યા હજુ ઓછી છે પરંતુ તેમની સંખ્યા ઝડપથી વધી રહી છે. પરિવારમાં એકલતાના કારણે પણ બાળકો ડ્રગ્સ તરફ જતા રહે છે. કારણમે બાળકોને એકલા પણું અને તેમના પર નિયંત્રણનો અભાવ તેમને ખોટી દિશામાં જવા પ્રેરે છે.આધુનિકતાનું નામે સમાજમાં અશ્લીલતા પ્રસરી રહી છે. શું સાચું છે અને શું ખોટું છે તે વચ્ચેનો તફાવત અદશ્ય થઈ રહ્યો છે. દરેક વ્યક્તિને પહેરવાની કે ન પહેરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.પરંતુ આ સાથે એ વાતનું પણ ધ્યાન રાખવું જરૂરી છે કે સમાજમાં મહિલાઓનું સ્થાન પુરૂષો કરતાં સાવ અલગ છે.સ્ત્રીઓની શારીરિક રચના એવી હોય છે કે દરેક પુરુષનું ધ્યાન જાય જ છે.અને જો પુરુષ વ્યર્થ સ્વભાવનો હોય તો તે સ્ત્રીની શારીરિક સુંદરતા માટે લાલચુ બની જાય છે.સ્ત્રીઓ વારંવાર આવા પુરુષો દ્વારા હિંસા,છેડતી કે બળાત્કારનો ભોગ બને છે.આ જવાબદારી સ્ત્રીઓની છે કે આ લંપટ પુરૂષોથી પોતાનું રક્ષણ કેવી રીતે રક્ષણ કરવું . સ્ત્રીઓએ ઉશ્કેરણીજનક કપડાં પહેરીને પોતાનું શરીર બતાવવું એ તેમના દ્વારા મુશ્કેલીને આમંત્રણ આપવા જેવું છે. સ્ત્રીઓને એક આવરણ હેઠળ રાખવાથી તેમના પ્રત્યેનો લગાવ જ વધે છે. તેમના પ્રત્યે જિજ્ઞાસા કે ઉત્સુકતા વધે છે, પછી ભલે કોઈ સામાન્ય સ્ત્રી રોડ ચાલતી જતી હોય., જો તે બુરખામાં જતી હોય, તો તે સ્ત્રીને જોવા માટે દરેકના મનમાં ઉત્સુકતા હોય છે. અને બધાનું ધ્યાન ત્યાં જાય છે. સામાન્ય રીતે નાની સ્ત્રી પણ અસાધારણ બની જાય છે. પરંતુ જો સ્ત્રી ઓછા કપડામાં હોય તો એક વાર બધાનું ધ્યાન જ્ઞાન તેની તરફ જશે પણ બીજી જ ક્ષણે તેના તરફની જિજ્ઞાસા સમાપ્ત થઈ જશે અને લોકો ધ્યાન આપવાનું બંધ કરી દેશે.આજે આપણે આધુનિકતા અને વલ્ગારિટી વચ્ચેનો તફાવત સમજવાનું ભૂલી ગયા છીએ.આધુનિકતાના તે ખબર નથી તેના નામે વલ્ગારિટી તેની જગ્યા લઈ ચૂકી છે.. શું સ્કીન ટાઈટ ડ્રેસ તેમના અંગોને છુપાવે છે.મહિલાઓ દ્વારા તેમના અંગોનું પ્રદર્શન ગમે ત્યાંથી આધુનિકતાની કેટેગરીમાં ન રાખી શકાય, જો આપણે એવું જ કરવું હોય તો આપણે એ જ પાષાણ યુગમાં પાછા જવું પડશે. જ્યાં આપણે પ્રાકૃતિક અવસ્થામાં રહેતા હતા.એ પણ સાચું છે કે આજે સ્ત્રીઓને બુરખા કે ઘૂંઘટમાં રહેવાની જરૂર નથી.પરંતુ તેમનો પહેરવેશ એવો ન હોવો જોઈએ કે લોકોમાં તેમના પ્રત્યે દુર્ભાવના જાગૃત થાય. હજુ પણ સમાજના મોટાભાગના પુરૂષો સ્ત્રીઓ શું પહેરે છે તેની પરવા કરતા નથી.પરંતુ કેટલાક લંપટ પ્રકૃતિના લોકો પર તેની અસર નિઃશંકપણે થાય છે.અને આવા પુરુષો સ્ત્રીઓ પ્રત્યે હિંસક બનતાં અચકાતા નથી. જો તમે સંસ્કારી સમાજમાં રહો છો, તો તમારી જવાબદારી છે કે તમે ચોક્કસ સજાવટને અનુસરવાના પ્રયાસ કરો. નગ્નતા ક્યારેય કોઈ પણ સંજોગોમાં આધુનિકતાનો પર્યાય બની શકે નહીં. આપણામાં અને પ્રાણીઓ વચ્ચે થોડો તફાવત હોવો જોઈએ. તમે માનશો નહીં કે મહિલાઓના ઉશ્કેરણીજનક કપડાં પહેરવાથી માત્ર બહારના લોકોને જ નહીં પરંતુ પોતાના પુત્રો કે ભાઈઓમાં પણ ઉત્તેજિત કરે છે.માતા કે બહેન પ્રત્યેના ખોટા વિચારો પણ મનમાં આવવા લાગે છે.ખરેખર આપણે ઘણી બધી બાબતો વિશે વાત કરીએ છીએ.સમજ્યા પછી પણ તે તેના વિશે અજાણ રહેવાનો પ્રયત્ન કરીએ છીએ. આજે મોબાઈલ ફોનના જમાનામાં ઘણી સ્ત્રીઓ પોતાના પુરુષ મિત્રની વિનંતી પર પોતાની જાતને ઉજાગર કરવાનું ચૂકતી નથી અને પછી તેનો એ જ ફોટો કાં તો તેમના બ્લેકમેલનું કામ કરે છે અથવા તો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવે છે.તમારી એક ભૂલ અને તમારી પ્રતિષ્ઠા બરબાદ થઈ જાય છે અને ઘણી વખત તમે શોષણનો શિકાર બનો છો. આજે જો તમે પોર્ન સાઈટ પર જાઓ છો તો એ સમજવું મુશ્કેલ થઈ જાય છે કે અહીં મહિલાઓ સ્વેચ્છાએ કામ કરી રહી છે કે કોઈ દબાણને કારણે.પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં તમને જોવા મળશે કે મહિલાઓની પોતાની સંમતિ હોય છે. આકર્ષણને બદલે નફરત પેદા થવા લાગે છે. એ અલગ વાત છે કે કેટલાક ઘૃણાસ્પદ માનસિકતા ધરાવતા પુરુષોને તેમાં પણ આનંદ મળે છે.આજે મોબાઈલના કારણે બાળકો નાની ઉંમરમાં જ પુખ્ત થવા લાગ્યાં છે.તેમની સામે જે રીતે અશ્લીલતા પીરસવામાં આવી રહી છે, તેના કારણે વિકાસ રૂંધાયો છે. ઘૃણાસ્પદ માનસિકતા નાનપણથી જ શરૂ થાય છે.આજે આપણે આધુનિકતાના નામે જ્યાં જઈ રહ્યા છીએ તે અંગે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે.તમારા વિચારો આધુનિક હોવા જોઈએ.ભેદ સમજવો જોઈએ. આધુનિકતાના નામે અરાજકતા ન હોવી જોઈએ.મોડી રાત્રે નશામાં પબમાંથી બહાર નીકળતી સ્ત્રી ક્યારેય સારી ન લાગી શકે. અને આ બાબતો પુરૂષોને પણ એટલી જ લાગુ પડે છે.સંસ્કારી સમાજ પાસે હંમેશા પોતાનો વ્યાપ હોવો જોઈએ, તો જ સમાજનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

# ચીનમાં વધતો વિરોધનો વંટોળ

લોકતાંત્રિક અને માનવ અધિકારોના દમનના અંતહીન સિલસિલો ચલાવતા સામ્યવાદી દેશ ચીનમાં ડઝનથી વધુ મોટાં શહેરોના આક્રોશિત લોકો સડકો પર ઉતરી આવ્યા છે. આ વિરોધનું તાત્કાલિક કારણ કોવિડ વિરુદ્ધ ઝીરો પોલિસીને કારણે લગાવેલા સખત પ્રતિબંધ છે. બેજિંગથી શરૂ થયેલા આ પ્રદર્શન દેશના લગભગ તેર શહેરોમાં ફેલાયાં છે. પોલીસ લાઠીચાર્જ, મરચાં સ્પ્રે તથા ધરપકડથી માંડીને દમનની દરેક રીત અપનાવી રહી છે. પરંતુ વિરોધનો દાયરો સતત વધતો જ જાય છે. ત્યાં સુધી કે લોકો ત્રીજા કાર્યકાળ તરફ વધી રહેલા જિનપિંગના રાજીનામા તથા લોકતાંત્રિક આઝાદીની માંગ કરી રહ્યા છે. પ્રતીકાત્મક વિરોધ રૂપે સફેદ કાગળ લહેરાવતા લોકો સડકો પર દેખાઈ રહ્યા છે. તેઓ અભિવ્યક્તિ અને પ્રેસની આઝાદીની પણ માંગ કરી રહ્યા છે. ત્યાં સુધી કે કેટલીય યુનિવર્સિટીઓના છાત્રો પણ સડકો પર ઉતરી આવ્યા છે. છાત્રોની સક્રિયતાથી ૧૯૮૯માં તિયાનમેન ચોક પર છાત્ર આંદોલનને ક્રૂરતાથી કચડવાની યાદો ફરી તાજી થઈ ગઈ છે.

કમ્યુનિસ્ટ સરકાર આ આંદોલનથી ડઘાઈ ગઈ છે અને તેને સખ્તાઈથી કચડી નાખવા માંગે છે. ત્યાં સુધી કે આંદોલનને કવર કરવા ગયેલા એક વિદેશી મીડિયાકર્મીની ધરપકડ કરવામાં આવી અને તેને છોડતાં પહેલાં માર મારવામાં આવ્યો. છતાં પણ ફ્રીડમ ઓફ પ્રેસ, ફ્રીડમ ઓફ એક્સપ્રેશન અને ફ્રીડમ ઓફ મૂવમેન્ટ જેવી માંગ કરી રહેલા લોકો સરકાર વિરોધી પ્રદર્શનોમાં ભાગ લઈ રહ્યા છે. અસલમાં ગત દિવસોમાં ચીનમાં કોવિડના કેસોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ગત રવિવારે ચાલીસ હજાર નવા કેસો નોંધાયા. ત્યાં જ એક્ટિવ કેસોની સંખ્યા લાખોમાં પહોંચી ગઈ છે. તેને કારણે ચીની સરકાર કડક કોવિડ પ્રતિબંધોના ક્રમમાં લોકડાઉન લગાવી દીધું છે.

લાંબા અરસાથી લાગેલા પ્રતિબંધોથી લોકો કંટાળી ગયા છે. તેમની આજીવિકા પર અસર પડી છે અને ખાવા-પીવાની ચીજો ખૂટી પડી છે. કરોડો લોકો બંધકો જેવું જીવન જીવી રહ્યા છે.

અસલમાં કમ્યુનિસ્ટ સરકારની દરેક ક્ષેત્રમાં ચાલતી સખ્તાઈ વચ્ચે ગુસ્સાની આગને એ સમયે હવા મળી, જ્યારે શિંજિયાંગ પ્રાંતમાં એક ૨૧ માળની બિલ્ડીંગમાં આગ લાગી. તેના ૧૫મા માળે ફસાયેલા લોકો કોવિડના કડક પ્રતિબંધોને કારણે બચી ન શક્યા. આ માળ પર દસ લોકોના મોતનું કારણ લોકોએ કોવિડના કડક પ્રતિબંધો માન્યા. ત્યારબાદ બેજિંગ અને અન્ય શહેરોમાં લોકો સડકો પર ઉતરીને પ્રદર્શન કરવા લાગ્યા. લોકો અધિકારીઓની લાપરવાહીને દુર્ઘટનાનું કારણ ગણાવી રહ્યા છે. જેના વિરોધમાં આખા દેશમાં ગુસ્સો છે. અસલમાં ચીન સરકારની ઝીરો કોવિડ નીતિ દુનિયાની સૌથી કડક નીતિઓમાંની એક છે. એ જ કારણ છે કે ચીનનાં મોટા શહેરોની સડકો પર ક્ષુબ્ધ લોકો જિનપિંગ ગાદી છોડો, કમ્યુનિસ્ટ પાર્ટી ગાદી છોડો, શિંજિયાંગને અનલોક કરો, ચીનને અનલોક કરો, પીસીઆર ટેસ્ટ ન જોઈએ, પ્રેસની આઝાદીને લઈને સતત નારા લગાવી રહ્યા છે. પ્રદર્શનકારી દમનથી બચવા માટે માત્ર કોરા સફેદ કાગળ લઈને વિરોધ કરી રહ્યા છે. તેઓ કહે છે અમારે લોકતંત્ર જોઈએ છે, તાનાશાહી નહીં. તેમને આ ઘટનાક્રમમાં ચીની મીડિયાની ખામોશી કઠી રહી છે કે કેમ તેમના આંદોલનના સમાચારોને પ્રાથમિકતા નથી અપાતી. જ્યારે ચીની સરકારી મીડિયા પશ્ચિમી મીડિયા પર આંદોલનને હવા આપવાનો આરોપ લગાવી રહ્યું છે. કેટલીય જગ્યાએ પોલીસ આંદોલનકારીઓની ધરપકડ કરીને લઈ જતી દેખાઈ. ચીન સરકારની ચિંતા છે કે આ સંકટથી તેની અર્થવ્યવસ્થા ચોપટ થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય એજન્સીઓ આ વર્ષે જીડીપીમાં ઘટાડાના આંકડા દર્શાવી રહી છે. એકંદરે, પાછલા બે દાયકામાં આટલા મોટા પ્રદર્શનો પહેલી વાર જોઈને ચીન સરકાર પણ ડઘાઈ ગઈ છે. ચીનમાં આંદોલન અને દેખાવકારોના પોલીસ સામે અથડામણના સમાચારો આખી દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યા છે.

# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં તેજીની આગેકૂચ: નેચરલ ગેસમાં ઘટાડો

ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિશ ત્રિવેદી
Email
naimish.trivedi@mcxindia.com

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૭,૨૪૯ સોદાઓમાં કુલ રૂ.૧૬,૯૯૧.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૪૨૩.૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૫૫૦.૬૮ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૧,૪૩૧ સોદાઓમાં કુલ રૂ.૩,૫૬૮.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૫૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૭૧૦ અને નીચામાં રૂ.૫૨,૪૨૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫૭ વધી રૂ.૫૨,૫૬૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧૯ વધી રૂ.૪૨,૩૧૦ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૫,૨૨૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૪૬૪ના ભાવે ખૂલી, રૂ.૧૫૩ વધી રૂ.૫૨,૫૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૩૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૧૮૧ અને નીચામાં રૂ.૬૧,૨૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭૧ વધી રૂ.૬૧,૭૨૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૫૫ વધી રૂ.૬૧,૯૧૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૬૧ વધી રૂ.૬૧,૯૭૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૪૯૦ સોદાઓમાં રૂ.૨,૧૧૨.૩૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૯૫ વધી રૂ.૨૧૦.૨૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૦.૯૦ વધી રૂ.૨૬૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ વધી રૂ.૬૭૪.૭૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૯૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૬૧૬ સોદાઓમાં કુલ રૂ.૨,૭૦૦.૮૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૬૩ અને નીચામાં રૂ.૬,૪૨૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૮ વધી રૂ.૬,૫૫૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૦ ઘટી રૂ.૫૮૪.૩૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૧૫ સોદાઓમાં રૂ.૪૨.૨૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૩,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૫૫૦ અને નીચામાં રૂ.૩૩,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૦ વધી રૂ.૩૩,૪૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૬૦ ઘટી રૂ.૯૪૩.૪૦ થયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૪૧૭.૩૫ કરોડનાં ૨,૬૭૪.૫૯૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૧૫૦.૮૮ કરોડનાં ૩૪૧.૧૫૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૭૩.૦૩ કરોડનાં ૧૮,૦૫,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૨૮ કરોડનાં ૨૬૧૬૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૭.૬૨ કરોડનાં ૧૧૯૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૬૭ કરોડનાં ૪૮.૯૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૮૬.૬૭૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૦.૮૨૯ ટન, ક્રૂડ તેલમાં ૧૫૨૪૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૯૪૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૮૦૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૭.૫૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૭.૫૪ કરોડનાં ૨૪૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૬૨૨ના સ્તરે ખૂલી, ૩૧ પોઈન્ટ વધી ૧૪,૬૨૮ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૫૫૦.૬૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૪.૦૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૪.૭૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૮૯૭.૦૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૬૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૯૩.૧૩ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૬ ખૂલી, ઉપરમાં રૂ.૩૩૦ અને નીચામાં રૂ.૨૬૬.૨૦ રહી, અંતે રૂ.૫૪.૪૦ વધી રૂ.૩૨૩.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૨.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૭.૫૦ અને નીચામાં રૂ.૫૧.૩૫ રહી, અંતે રૂ.૩.૨૫ ઘટી રૂ.૫૪.૪૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮ ખૂલી, ઉપરમાં રૂ.૭૦ અને નીચામાં રૂ.૪૭ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૬૯ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૩૯ અને નીચામાં રૂ.૪૭૪ રહી, અંતે રૂ.૪૮.૫૦ વધી રૂ.૫૧૭ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૬૩ ખૂલી, ઉપરમાં રૂ.૧,૭૮૪.૫૦ અને નીચામાં રૂ.૧,૬૩૪ રહી, અંતે રૂ.૨૨ ઘટી રૂ.૧,૭૦૫.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૩.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૩૭.૮૦ અને નીચામાં રૂ.૨૩૨ રહી, અંતે રૂ.૬૯.૬૦ ઘટી રૂ.૨૭૧.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૩.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૩.૪૦ અને નીચામાં રૂ.૩૯.૪૫ રહી, અંતે રૂ.૨.૩૦ વધી રૂ.૪૧.૪૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૫૭ અને નીચામાં રૂ.૪૨૧ રહી, અંતે રૂ.૧૫.૫૦ ઘટી રૂ.૪૪૧ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૯૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧,૩૨૪.૫૦ અને નીચામાં રૂ.૧,૨૦૦ રહી, અંતે રૂ.૧૦૫ ઘટી રૂ.૧,૨૧૮ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૮ અને નીચામાં રૂ.૪૪ રહી, અંતે રૂ.૬.૫૦ વધી રૂ.૫૬ થયો હતો.

# ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન વિક્રમ કિર્લોસ્કરનું નિધન

નવી દિલ્હી, તા.૩૦

ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન વિક્રમ એસ કિર્લોસ્કરનું નિધન થયું છે. તેઓ ૬૪ વર્ષના હતા. કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મંગળવારે મોડી રાત્રે હાર્ટ એટેકના કારણે તેમનું નિધન થયું હતું. વિક્રમ કિર્લોસ્કરના પરિવારમાં તેમની પત્ની ગીતાંજલિ અને પુત્રી માનસી કિર્લોસ્કર છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતીમાં કહેવામાં આવ્યું છે કે વાઈસ ચેરમેન વિક્રમ એસ કિર્લોસ્કરનું અકાળે અવસાન થયું છે. આ માહિતી આપતા અમને ખૂબ જ દુઃખ થાય છે. દુઃખની આ ઘડીમાં અમે દરેકને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા વિનંતી કરીએ છીએ. બાયોકોનના એક્ઝિક્યુટિવ ચેરપર્સન કિરણ મઝુમદારે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તે વિક્રમના આઘાતજનક અવસાનથી આઘાતમાં છે. તે આવા પ્રિય અને સાચા મિત્ર હતા જેને હું ખૂબ જ યાદ કરીશ. હું તેમની પત્ની ગીતાંજલિ અને પુત્રી માનસી અને પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. વિક્રમ કિર્લોસ્કર તાજેતરમાં એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. આ દરમિયાન તેમણ કહ્યું હતું કે ભારતીય ઓટો ઉદ્યોગને વિશ્વ સ્તર પર વધારે પ્રતિસ્પર્ધી બનાવા અને અર્થતંત્રને લાભ પહોંચાડવાની સાથે વધુ રોજગારી આપવા ૧૦ વર્ષમાં ઓટોમોબાઈલ પર ટેક્સ અડધો કરવાના રોડમેપ પર વિચાર કરવો પડશે. રિપોર્ટ્સ મુજબ ૧૮૮૮માં લક્ષ્મણરાવ કિર્લોસ્કર દ્વારા સ્થાપિત ગ્રુપની ચોથી પેઢીના સભ્ય વિક્રમ કિર્લોસ્કર કોલેજ બાદ પુણેમાં કિર્લોસ્કર કમિંસમાં પ્રોડક્શન એન્જિનિયરિંગમાં ટ્રેઈની તરીકે સામેલ થયા હતા. વિક્રમ કિર્લોસ્કરે મેસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. તેમણે ૧૯૯૭માં જાપાનની ટોયોટા મોટર કોર્પને ભારતમાં લાવવા મહત્વપૂર્ણ ભૂમિકા નીભાવી હતી.

# ડ્રગ ડિલિવરી સોલ્યુશન પ્રોવાઈડર, ZIM લેબોરેટરીઝ લિમિટેડ નેશનલ સ્ટોક એક્સચેન્જ પર લીસ્ટ થઈ

એજન્સી દ્વારા

ZIMલેબોરેટરીઝ લિમિટેડ, એક ફાર્માસ્યુટિકલ કંપની, જે દર્દીની સુવિધા અને સારવાર તેમ જ નવીન દવા ડિલિવરી સોલ્યુશન્સ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે શેર દીઠ રૂ. ૩૩૬ના દરે નેશનલ સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થયેલ છે. કંપનીનો શેર રૂ.૩૩૨ પ્રતિ શેરના ભાવે બંધ રહ્યો હતો. કુલ જથ્થામાં ૩૪,૬૫૩ શેરનો વેપાર થયો હતો અને કુલ ટર્નઓવર રૂ. ૧૧૭.૨૩ લાખ હતું.

આજના બંધ ભાવે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૫૩૯.૨૩ કરોડ થયેલ છે. ડૉ. અનવર એસ દાઉદે, મેનેજિંગ ડિરેક્ટર – ઝિમ લેબોરેટરીઝ લિમિટેડ જણાવ્યું હતું કે "આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન સુધી પહોંચવામાં અમને મદદ કરવામાં તમારા સમર્થન બદલ ખૂબ ખૂબ આભાર, અમે એન એસ ઈ લિસ્ટિંગથી ખૂબ જ ખુશ છીએ, અને અમે માનીએ છીએ કે તે મ્જીઈ સાથે અમારા શેરધારકોને વધારાની તરલતા પ્રદાન કરશે. અને તે બી એસઈની વ્યાપક પહોંચ દ્વારા શેરધારકોને વધુ લીકવીડીટી ઉપલબ્ધ થશે.. અમે માનીએ છીએ કે દર્દીની સગવડતા અને પાલન પર ધ્યાન કેન્દ્રિત કરીને ડ્રગ ડિલિવરી સોલ્યુશન્સ દ્વારા ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળને સસ્તું બનાવવાની અમારી દ્રષ્ટિ ચાલુ રાખવી મહત્વપૂર્ણ છે. અમે નવા ઈનોવેટિવ અને ડિફરન્ટેડ જેનરિક પ્રોડક્ટ્સનો પોર્ટફોલિયો વિકસાવ્યો છે જે ઈયુ અને ફાર્મરિંગ માર્કેટમાં ફાઈલ કરવાના એડવાન્સ સ્ટેજ પર છે. અમે વિશિષ્ટ ડિફરન્ટિયેટેડ ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ્સ પણ ડેવલપ કરી રહ્યા છીએ જે સર્વગ્રાહી હેલ્થકેર અભિગમ માટે હાલના ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ પોર્ટફોલિયોની આસપાસ બનાવવામાં આવ્યા છે. હું અમારા શેરધારકોને તેમના તમામ સમર્થન માટે નિષ્ઠાપૂર્વક આભાર માનવા માંગુ છું અને અમારા દર્દીઓને અનન્ય લાભો પ્રદાન કરતી પ્રોડક્ટ્સ વિકસાવતી વખતે મૂલ્ય બનાવવાના અમારા સતત પ્રયાસોનો ઉલ્લેખ કરવા માંગુ છું.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

## બેંક ઓફ બરોડાએ ખેડૂતો માટે વન સ્ટોપ સોલ્યુશન - બોબ કિસાન વર્લ્ડ એપ પ્રસ્તુત કરી

ભારતની અગ્રણી સરકારી બેંકો પૈકીની એક બેંક ઓફ બરોડા (બેંક)એ આજે ખેડૂતો માટે તેમની કૃષિલક્ષી તમામ જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન 'બોબ વર્લ્ડ કિસાન' એપ પ્રસ્તુત કરી હતી. બોબ વર્લ્ડ કિસાન સર્વાંગી પ્લેટફોર્મ છે, જે કૃષિ ધિરાણ, વીમો અને રોકાણ, પાકની કિંમતો પર નજર જેવી મંડી સેવાઓ, હવામાનની ધારણા જેવી કૃષિ સલાહકાર સેવાઓ, પાકના આરોગ્ય પર નજર અને કૃષિલક્ષી કાચા માલની ખરીદી અને ઉપકરણના હાયરિંગ સહિત અન્ય મૂલ્ય સંવર્ધિત સેવાઓ, ઉત્પાદકતા વધારવા ટેકનોલોજીનો ઉપયોગ વગેરે જેવી અદ્યતન સમાધાનો ઓફર કરીને કૃષિઆર્થિક સફરને ડિજિટાઈઝેશન બનાવામાં મદદરૂપ થશે. આ તમામ સેવાઓ હાલના ગ્રાહકો અને બેંકના ગ્રાહકો ન હોય એવા લોકોને એકસમાન રીતે ઉપલબ્ધ છે.બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જોયદીપ દત્તા રોયએ કહ્યું હતું કે, ''દેશની અગ્રણી સરકારી બેંકો પૈકીની એક તરીકે અમે ભારતીય કૃષિ સમુદાય સાથે ગાઢ અને કાયમી સંબંધ ધરાવીએ છીએ. બેંક ઓફ બરોડાનું વિઝન તેમની ''લણણીથી વેચાણ'' સુધીની સફરમાં ભારતીય ખેડૂતોને ટેકો આપવાનું છે. બોબ વર્લ્ડ કિસાન એક અદ્યતન અને સર્વસમાવેશક પ્લેટફોર્મ છે, જે આપણા અન્નદાતાઓને વિવિધ સેવાઓ પ્રદાન કરશે, તેમને તેમના મહત્તમ પાક અને આવક મેળવવામાં મદદરૂપ થશે.'' બેંક ઓફ બરોડાના ચીફ ડિજિટલ ઓફિસર શ્રી અખિલ હાંડાએ કહ્યું હતું કે, ''બોબ વર્લ્ડ મોબાઈલ બેંકિંગ એપ ગયા વર્ષે પ્રસ્તુત થઈ હતી, જેણે અમારા લાખો ગ્રાહકો માટે બેંકિંગના અનુભવમાં પરિવર્તનનો પવન ફૂંક્યો હતો. બોબ વર્લ્ડ કિસાન એપની પ્રસ્તુત સાથે અમારી અમે અમારા ખેડૂતોને એ જ ખાતરી આપીએ છીએ. આ સરળ અને સ્વાભાવિક ડિઝાઈન ધરાવતી એક સંકલિત એપ છે, જે યુઝરની આંગળીના ટેરવે – સંપૂર્ણ અનુભવને ડિજિટાઈઝ કરીને વિવિધ બેંકિંગ અને કૃષિલક્ષી સેવાઓ આપે છે.''

## ભોજપુરી અભિનેત્રી નમ્રતાએ કાતિલ અદાઓથી લૂંટ્યા ફેન્સના દિલ

મુંબઈ, તા.૩૦

ભોજપુરી ઈન્ડસ્ટ્રીની બોલ્ડ એક્ટ્રેસ નમ્રતા મલ્લા પોતાની બોલ્ડનેસના કારણે દરેક જગ્યાએ દબદબો ધરાવે છે. નમ્રતાને તેના ફેન્સ ભોજપુરીની સની લિયોન કહે છે. નમ્રતા મલ્લા બોલીવુડની હસીનાઓને દરેક બાબતમાં ટક્કર આપે છે. હાલમાં જ તેનું એક ગીત 'લાલ ઘાઘરા' રિલીઝ થયું હતું, જેમાં તે પવન સિંહ સાથે જોવા મળી હતી. આ પછી તે ખેસારી લાલ યાદવ સાથે મ્યુઝિક વીડિયોમાં જોવા મળી હતી. આ દરમિયાન નમ્રતા મલ્લનો એક વીડિયો સામે આવ્યો છે, જે ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ખરેખર, નમ્રતા મલ્લાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક રીલ વીડિયો શેર કર્યો છે. લેટેસ્ટ ક્લિપમાં, નમ્રતા મલ્લા બોલ્ડ ડ્રેસ પહેરીને ફેન્સના દિલો પર છરીઓ ચલાવતી જોવા મળે છે. આ ક્લિપના બેકગ્રાઉન્ડમાં એક સોન્ગ પણ વાગી રહ્યું છે. વીડિયોમાં નમ્રતાની અદાઓ એટલી હદે કાતિલ છે કે દરેક જણ ઘાયલ છે. નમ્રતા મલ્લાનો આ વીડિયો જોઈને ફેન્સનો પરસેવો છૂટી ગયો છે. ફેન્સ આ ક્લિપને વારંવાર જોઈ રહ્યા છે. તેને અત્યાર સુધીમાં ૫ હજારથી વધુ લાઈક્સ મળી ચૂકી છે. આ પહેલા પણ બોલ્ડનેસ ક્વીન નમ્રતાએ એક ક્લિપ શેર કરી હતી, જેને લોકોએ ખૂબ પસંદ કરી હતી. જણાવી દઈએ કે નમ્રતા મલ્લ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અભિનેત્રી અવારનવાર પોતાના ચાહકો સાથે તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે.

## ટાટા પ્લે ટીવી પેક્સને મહત્તમ બનાવીને દર્શકો માટે મનોરંજન કિફાયતી બનાવે છે

TATA PLAY

આર્થિક મંદી અને ઘટતી ખર્ચક્ષમ આવકોના વાતાવરણમાં ટાટા પ્લે દ્વારા અમુક પક્સની કિંમતો ઓછી કરીને અને અમુક બંડલ્સમાંથી અમુક ચેનલો દૂર કરીને ગ્રાહકોનાં ટીવી પેક્સને સ્વૈચ્છિક રીતે મહત્તમ બનાવાની ટાટા પ્લેની યોજના છે. ટાટા પ્લેએ ગ્રાહકોની વ્યુઈંગ શૈલીને આધારે અને ઓછી ખર્ચક્ષમતાને લીધે ગુણવત્તાયુક્ત મનોરંજન પરવડતું નહીં હોવાથી આ પહેલ હાથમાં લીધી છે.

આ પહેલ વિશે બોલતાં ટાટા પ્લેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''ટાટા પ્લે પોતાના ગ્રાહકોને સસ્તા દામમાં તેમનું મનપસંદ પેક ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ છે. આ જ પ્રયાસમાં અમે પોતાના અમુક પેકના દામ ઓછા કર્યા છે અને તેને લઈ અમુક ચેનલ પણ હટાવી છે. જે ગ્રાહક ઈ ચેનલને પોતાના પેકમાં પાછા લેવા માગતા હોય તેઓ ટીવી સ્ક્રીન પર બતાવવામાં આવેલા નંબર પર મિસ્ડ કોલ આપીને તે કરી શકે છે.'' ટાટા પ્લે આસા રાખે છે કે આ પગલાથી ગ્રાહકોનું મૂંઝવણભર્યું વર્તન દૂર થશે અને ટીવી જોવાનું વધુ કિફાયતી બનશે. ટાટા પ્લેએ હાલમાં જ મનોરંજન બધા માટે પહોંચક્ષમ અને કિફાયતી બનાવવા તેમના ટીવી બિલો પર ખર્ચ ઓછી કરવા ઉપભોક્તાઓને મદદ કરવા તેનાં સુપર સેવર પેક્સ પણ રજૂ કર્યાં છે. આ પહેલ ડિસેમ્બરથી હાથ ધરાશે.

## કાર્ટૂન કોર્નર




### નિફ્ટી તેજી સાથે ૧૮૭૫૮ પોઈન્ટ પર બંધ થયો

# સેન્સેક્સે રચ્યો ઈતિહાસ, ૬૩,૧૦૦ ઉપર બંધ થયો

### બજારમાં ઘરેલૂથી લઈને વિદેશી રોકાણકારોની જબરદસ્ત ખરીદીને કારણે શેરબજારમાં શાનદાર તેજી જોવા મળી

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૩૦

ભારતીય શેર બજારે બુધવારના ટ્રેડિંગ સેશનમાં ફરીથી ઈતિહાસ રચી દીધો છે. બીએસઈ સેન્સેક્સ પ્રથમવાર ૬૩૦૦૦ના રેકોર્ડ આંકડાને પાર કરી ગયો. તો નિફ્ટી પણ ૧૯૦૦૦ તરફ ઝડપથી વધી રહી છે.

બજારમાં ઘરેલૂથી લઈને વિદેશી રોકાણકારોની જબરદસ્ત ખરીદીને કારણે શાનદાર તેજી જોવા મળી છે. આજનો કારોબાર બંધ થયો ત્યારે સેન્સેક્સ ૪૧૮ પોઈન્ટના વધારા સાથે રેકોર્ડ હાઈ ૬૩,૧૦૦ પર બંધ થયો છે. તો નિફ્ટી ૧૪૦ પોઈન્ટની તેજીની સાથે ૧૮૭૫૮ પોઈન્ટ પર બંધ થયો છે. આ સતત પાંચમું ટ્રેડિંગ સેશન છે જેમાં ભારતીય બજારો નવી ઊંચાઈ પર બંધ થઈ છે. બજારમાં સરકારી બેક્ના ઈન્ડેક્સને છોડી દેવામાં આવે તો બધા સેક્ટરના શેરમાં જબરદસ્ત તેજી જોવા મળી. બેન્કિંગ, ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી અને કંઝ્યૂમર ડ્યૂરેબલ્સ સેક્ટરના શેરમાં તેજી જોવા મળી છે. કિરિટ પારેખ કમિટીની ભલામણોની અસર ગેસ કંપનીઓના શેર પર જોવા મળી છે. સેન્સેક્સના ૩૦ શેરમાં ૨૩ શેર તેજી સાથે તો ૭ શેર ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટીના ૫૦ શેરમાં ૪૨ શેર તેજીની સાથે તો માત્ર ૮ શેર લાલ નિશાન સાથે બંધ થયા છે. બજારને ઐતિહાસિક સ્તરો પર લઈ જવામાં જે શેરનો હાથ રહ્યો છે તેમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સામેલ છે, જે ૪ ટકાની તેજીની સાથે બંધ થયો છે. તો અલ્ટ્રાટેક સીમેન્ટ ૨.૧૬ ટકા, પાવર ગ્રિડ ૨.૧૪ ટકા, એચયૂએલ ૧.૭૮ ટકા, ભારતી એરટેલ ૧.૭૧ ટકા, ટાઈટન કંપની ૧.૫૯ ટકા, એશિયન પેન્ટ્સ ૧.૫૧ ટકા અને ટાટા સ્ટીલ ૧.૫૧ ટકાની તેજી સાથે બંધ થયો છે.

બજારમાં આજે ઈંડસઈંડ બેક્ના શેર ૧.૦૨ ટકા, એસબીઆઈ ૦.૯૭ ટકા, એચસીએલ ટેક ૦.૬૬ ટકા, આઈટીસી ૦.૫૮ ટકા, બજાજ ફિનસર્વ ૦.૩૩ ટકા, બજાજ ફાયનાન્સ ૦.૧૭ ટકા અને ટીસીએસ ૦.૧૪ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

## અફઘાનિસ્તાનના મદરેસામાં નમાઝ દરમિયાન બોમ્બ બ્લાસ્ટ : ૧૬નાં મોત

એજન્સી દ્વારા

કાબુલ, તા.૩૦

અફઘાનિસ્તાનમાં નમાઝ દરમિયાન બોમ્બ બ્લાસ્ટની ઘટના સામે આવી છે. જેમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતા. તે જ સમયે, ૨૭ લોકો ઘાયલ થયા છે.

બોમ્બ વિસ્ફોટ સમંગાન પ્રાંતના મધ્યમાં સ્થિત આઈબક શહેરમાં એક મદરેસા પર થયો હતો. ઉત્તર અફઘાનિસ્તાનમાં એક મદરેસામાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા, એમ તાલિબાનના અધિકારીએ જણાવ્યું હતું. અફઘાનિસ્તાનમાં સમયાંતરે આવી આતંકવાદી ઘટનાઓ જોવા મળે છે. બે મહિના પહેલા કાબુલમાં પણ બોમ્બ બ્લાસ્ટ થયો હતો.

અફઘાનિસ્તાનના આંતરિક મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ નફી ટાકોરે જણાવ્યું હતું કે ઉત્તરી સમંગાન પ્રાંતની રાજધાની એબકમાં થયેલા વિસ્ફોટમાં ઘણા લોકો ઘાયલ થયા છે. ટોલો ન્યૂઝે એક ડોક્ટરને ટાંકીને કહ્યું કે વિસ્ફોટમાં ૧૬ લોકોના મોત થયા છે. લગભગ ૨૭ લોકો ઘાયલ થયા છે. આ વિસ્ફોટ મદરેસામાં બપોરે નમાઝ દરમિયાન થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જે મદરેસામાં બ્લાસ્ટ થયો હતો તે તાજેતરમાં બનાવવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, આ હુમલામાં મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા મોટાભાગના લોકો મદરેસામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. અત્યાર સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી. તાલિબાન ઓગસ્ટ ૨૦૨૧માં સત્તામાં પરત ફર્યું છે. ત્યાર બાદ અહીં અનેક બોમ્બ બ્લાસ્ટ થયા છે. ઈસ્લામિક સ્ટેટ ખોરાસાન (ISKP) એ કેટલાક વિસ્ફોટોની જવાબદારી લીધી છે.

સવારે પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલો થયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાનના ક્વેટા શહેરમાં થયો હતો. આ વિસ્ફોટ પોલીસના વાહન પાસે થયો હતો, જેમાં એક અધિકારી સહિત ત્રણ લોકોના મોત થયા હતા. ડઝનેક લોકો ઘાયલ થયા છે. તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને હુમલાની જવાબદારી લીધી છે.

## BikeWo શોરૂમનો ગુજરાત અમદાવાદના નિકોલ રિંગ રોડ સર્કલ પર ભવ્ય પ્રારંભ

એજન્સી દ્વારા

ભારતની નં. ૧ મલ્ટી બ્રાન્ડ ઈવી **BikeWo (https://bikewo.in)** ના શોરૂમને ગઈકાલે ખુલ્લો મુકતા ગુજરાતમાં પોતાની હાજરીમાં વધારો કરી રહી છે. નવો **BikeWo** શોરૂમનું નામ મે. અપના મોટોકોર્પ આપવામાં આવ્યુ છે જે તેના માલિકો નિર્મલ જોષી અને ભૂપેન્દ્ર સિંઘ સિસોદીયા દ્વારા **BikeWo**ના સહસ્થાપક વિદ્યા સાગર રેડ્ડી અને સરલ તલવાર તેમજ ટોચના વ્યવસ્થાપનના સભ્યોની હાજરીમાં લોન્ચ કરવામાં આવ્યો હતો.

આ ઉદઘાટન સવારે ૧૧ કલાકે **BikeWo** શોરૂમ, મે. અપના મોટોકોર્પ ખાતે કરવામાં આવ્યુ હતુ, જે ૧૭, એલેન ટાઉન, નિકોલ રીંગ રોડ સર્કલ, કીયા શોરૂમ, અમદાવાદ-૩૮૨૩૫૦ પાસે આવેલ છે. અમદાવાદના જગન્નાથ મંદીરના મહંત શ્રી દિલીપ દાસજીએ ધાર્મિક વિધી કરી હતી આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શોરૂમનું ઉદઘાટન કર્યુ હતું.




**BikeWo**ના સહ-સ્થાપક વિદ્યા સાગર રેડ્ડી અને સરલ તલવારે શોરૂમના ઉદઘાટન દરમિયાન ૩૦૦+ ઈફ ઉત્સાહીઓ અને મહેમાનોની ભીડને સંબોધિત કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા અને ઈલેક્ટ્રિક વાહનોના સીધા ફાયદાઓ અને તેઓ કેવી રીતે નજીકના ભવિષ્યમાં સમગ્ર ઓટોમોટિવ ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવશે તેની રૂપરેખા આપી હતી.

''આ ભવ્ય ઉદઘાટનમાં પસંદગી માટે EV વાહનોની વિશાળ શ્રેણી સાથેની વિશેષ ઑફરોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં EV ૨-વ્હીલર્સની માંગમાં અસાધારણ વધારો જોવા મળી રહ્યો છે અને અમે આ પ્રીમિયમ શોરૂમમાં ઉપલબ્ધ વાહનોની વિશાળ શ્રેણીની જાગૃતિ અને સુલભતા આગળ વધારીશું. હું માનું છું કે આ રીતે અમે ભવિષ્યમાં ગુજરાતને શૂન્ય કાર્બન ઉત્સર્જન રાજ્ય બનાવવાના વિઝનની પરિપૂર્ણતામાં યોગદાન આપી શકીશું.'' એમ શોરૂમના માલિક નિર્મલ જોશીએ જણાવ્યું હતું.

## કવિતા બેનર્જી હવે 'ભાગ્ય લક્ષ્મી'માં એક નકારાત્મક પાત્રથી પ્રવેશ કરશે!




એજન્સી દ્વારા

ઝી ટીવીનો શો કુંડલી ભાગ્યએ તેની પ્રસ્તુતિથી જ સારા કારણોસર સમાચારમાં રહ્યો છે. તેને દર્શકોના દિલમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે, ઐશ્વર્યા ખરે અને રોહિત સુચાંતિ ઉર્ફે આપણા ઈંઈંજરસૈએ ઘર-ઘરમાં જાણિતા નામ બન્યા છે. તાજેતરમાં જ દર્શકોએ જોયું કે, કઈ રીતે મલિષ્કા (માઈરા મિશ્રા)એ બલવિંદર (અંકિત ભાટિયા)ની મદદથી પોતાનું જ અપહરણ કરાવેલું અને જેનો આરોપ લક્ષ્મી (ઐશ્વર્યા ખરે) પર નાખવામાં આવ્યો હતો. આ શોએ દર્શકોને ઘણા વણાંકો આપી રહ્યો છે, ત્યારે કલાકારો પણ તેમના ચાહકોનું મનોરંજન કરવા માટે સતત કામ કરી રહ્યા છે.

આગામી એપિસોડમાં, પ્રસિદ્ધ અભિનેત્રી કવિતા બેનર્જીના પ્રવેશથી શોમાં કંઈક ઉત્તેજિત નાટક જોવા મળશે. તે અહીં રિષી અને મલિષ્કાની કોલેજની મિત્ર સોનલનું પાત્ર ભજવતી જોવા મળશે. તે મલિષ્કાથી નજીક છે અને તેથી જ રિષીને ફરીથી તેના પ્રેમમાં પડે તે રીતે મદદ કરવા માટે તે પાછી ફરી છે. સોનલએ અત્યંત મહત્વકાંક્ષી અને તેને જે જોઈએ તે મેળવવા માટે ગમે તે હદ સુધી જઈ શકે છે, તેના માટે પછી તેના જીવનમાં મહત્વના હોય તેવા લોકોને ગુમાવા પડે તો પણ કંઈ વાંધો નથી.

કવિતા બેનર્જી કહે છે, ''મારા માટે આ ફરી ઘરે આવવા જેવું છે, ઝી ટીવીની સાથે આ મારો ઉજો પ્રોજેક્ટ છે. ભાગ્ય લક્ષ્મી પહેલા મેં તેરી મેરી ઈક જિંદરી અને રિશ્તોં કા માંઝા જેવા શોમાં નકારાત્મક પાત્ર કર્યું છે.

## યોગેશ ત્રિપાઠી અને કામના પાઠકનું ફૂડ પર બોન્ડ



એજન્સી દ્વારા

એન્ડટીવી પર હપ્પુ કી ઉલટનપલટનમાં દરોગા હપ્પુ સિંહ (યોગેશ ત્રિપાઠી) અને તેની દબંગ દુલ્હનિયા રાજેશ (કામના પાઠક)ની જોડી ભારતીય ટેલિવિઝન પર સૌથી વહાલી છે. દર્શકોને તેમની પેટ પકડાવીને હસાવતી નોકઝોક અને તેમની લવ કેમિસ્ટ્રી બહુ ગમે છે. જોકે તેઓ એકત્ર સૌથી વધુ શું માણે છે તે જાણો છો? અન્ય સહ- કલાકારો અલગ અલગ બાબતોમાં બોન્ડ ધરાવે છે ત્યારે આ જોડી ફૂડ પર બોન્ડને અગ્રતા આપે છે. છે ને સ્વાદિષ્ટ મામલો!યોગેશ ત્રિપાઠી ઉર્ફે દરોગા હપ્પુ સિંહ ખાદ્ય માટે તેના પ્રેમ વિશે વાત કરતાં જણાવે છે, ''અરેં દાદા! ખાવા સાથે મારો સંબંધ કાયમ માટે છે. ખાદ્ય કોઈ પણ સમયે મારો જોશ વધારી શકે છે. મારી ઓન-સ્ક્રીન પત્ની રજ્જો (કામના પાઠક) ખાદ્ય પ્રત્યે તે જ લાગણી ધરાવે છે (હસે છે). અમને બંનેને ખાસ કરીને અન્ય શહેરમાં પ્રવાસ કરતી વખતે નવી વાનગીઓ અજમાવવાનો શોખ છે. તાજેતરમાં અમે દેવ દીપાવલીની ઉજવણી કરવા અને અમારા શો હપ્પુ કી ઉલટન પલટનને બનારસવાસીઓમાં પ્રમોટ કરવા કામના અને મેં ઘાટના શહેરની મુલાકાત લીધી હતી. દેવો કી નગરીમાં મારી ટ્રિપ પર મેં દુનિયાના શ્રેષ્ઠ ડેઝર્ટસમાંથી એક મલૈયો અજમાવી જોયું છે. આ વાનગી દૂધમાંથી તૈયાર કરવામાં આવે છે. દૂધની ફીણ પર કેસર અને એલચી પાઉડર મિશ્રણ કરવામાં આવે છે અને ઉપર શોભા માટે પિસ્તા અને બદામથી ગાર્નિશ કરવામાં આવે છે અને તે અસાધારણ હલકું અને મીઠાશ ધરાવે છે. ઉપરાંત નવરાત્રિ દરમિયાન અમે બંને ગ્વાલિયર ગયાં ત્યારે કામનાએ મારે માટે પૌઆ જલેબી, ખાટા સમોસા, મગના ભજિયા અને સૌથી મહત્ત્વપૂર્ણ ઈન્દોર નમકીન બનાવ્યાં, જે મેં સ્વાદપૂર્વક ખાધા. બધાએ અમારી જેમ ભાવતું ખાવાનું માણતા રહેવું જોઈએ.''

કામના પાઠક ઉર્ફે રાજેશ સિંહ કહે છે, ''ખાદ્ય હંમેશાં મારી અગ્રતાની યાદીમાં ટોચે હોય છે (હસે છે). હું ઈન્દોરની છું અને આ શહેર તેની સ્વાદિષ્ટ વાનગીઓ માટે કેટલું વિખ્યાત છે તે બધાએ જાણવું જોઈએ. મારો હપ્પુ કી ઉલટન પલટનનો ઓન-સ્ક્રીન પરિવાર, ખાસ કરીને દરોગાજી (યોગેશ ત્રિપાઠી) મારા જેવા ખાવાના શોખીન છે. અમે બધા ભોજનના સમયે એકત્ર બેસીને ખાઈએ છીએ અને એકબીજાના ટિફિનનું આદાનપ્રદાન કરીએ છીએ અને મારી વાત માનશો તો આવા પરિપૂર્ણ ભોજન પછી પણ અમે હંમેશાં નજીકની રેસ્ટોરાંમાંથી કશુંક ઓર્ડર જરૂર કરીએ છીએ.

## પરફેક્ટ ડેએ વૈશ્વિક હાજરીમાં વધારો કર્યો અને ભારતમાં ઉત્પાદન ક્ષમતાની માલિકી ખરીદી

એજન્સી દ્વારા

પરફેક્ટ ડેએ આજે ભારતમાં બે અગત્યના પગલાંઓ સાથે પોતાના વૈશ્વિક વિઝન વધુ ઊંડુ બનાવવાની અને વિશાળ ઉત્પાદનની ઘોષણા કરી હતી – ભારત કંપની માટેતેના ઉત્પાદનમાં વધારો કરવા માટે, પોતાની સહનશીલતામાં વધારો કરવાની, હરિયાળી અસર લાવવાની અને પોતાની ટીમાં ટોચની કુશળતા ધરાવતી પ્રતિભાને સમાવવા અગત્યનું બજાર છે. ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કંપનીની એનિમલ ફ્રી મિલ્ક પ્રોટીન્સની એપ્લીકેશનને મંજૂરી આપી છે, જે ભારતમાં વ્યાપારીકરણના દ્વારા ખોલ છે.

નજીકના સમયમાં પરફેક્ટ ભારતમાં ઉત્પાદિત એનિમલ ફ્રી પ્રોટીનની નિકાસ કરશે જેથી વધી રહેલી વૈશ્વિક ગ્રાહક માગને સંતોષી શકાય તેમજ કંપની ઘરેલુ વ્યાપારી તકો માટેની યોજના તૈયાર કરવા માટે કામ કરી રહી છે.

કંપનીએ સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડ નું સંપાદન પણ પૂર્ણ કર્યું, કંપનીની ઉત્પાદન ક્ષમતા અને માલિકીના ઉત્પાદન નેટવર્કને આગળ ધપાવ્યું છે. આ સંપાદન નજીકના ગાળામાં કંપનીની ઉત્પાદન ક્ષમતાને બમણી કરશે, જેમાં ચાર ઉચ્ચ-મૂલ્યની સંપત્તિનો સમાવેશ થાય છે, જેમાં માસર, ગુજરાતમાં બે ઓપરેશનલ ઉત્પાદન સુવિધાઓનો સમાવેશ થાય છે-જે પરફેક્ટ ડેના તાત્કાલિક રોકાણ પર ૧.૫ગણા રૂપિયાની જીતેલી હરાજી કિંમત રૂ. ૬૩૮ કરોડ કરતાં વધુ પરત કરે છે. આ ઉત્પાદન સુવિધાઓમાં હાલના ફરમેન્ટર્સની સાથે મજબૂત ચોકસાઈપૂર્વકના ફરમેન્ટેશન કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે જે કંપનીને ફાર્મા અને પ્રોટીન બંને ક્ષેત્રોમાં હાલના SBL ગ્રાહકોને સેવા આપવાનું ચાલુ રાખીને આગામી મહિનાઓમાં તેની ચોકસાઈવાળા ફરમેન્ટેશન કરવાની ક્ષમતાને વિસ્તૃત કરવાની મંજૂરી આપશે.



# પહેલા તબક્કાની ૧૦ બેઠકો છે એકદમ જ ખાસમખાસ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન આવતી કાલે છે. ગુરુવારે ૧ ડિસેમ્બરે પહેલા તબક્કામાં ૮૯ બેઠકો માટે મતદાન થશે. જેમાં સૌરાષ્ટ્રની ૪૮, કચ્છની ૬ અને દક્ષિણ ગુજરાતની ૩૫ બેઠકો સામેલ છે. મતદારો ૮૯ બેઠકો માટે ચૂંટણી લડી રહેલા ૭૮૮ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. પહેલા તબક્કામાં જે ૮૯ બેઠકો છે તેમાંથી અનેક બેઠકો એવી છે જ્યાંથી હાલની સરકારના મંત્રીઓ અને મોટા મોટા નેતાઓ મેદાનમાં છે. આ બેઠકોમાં કુતિયાણા, ભાવનગર, પોરબંદર, વરાછા રોડ સહિત અનેક બેઠકો એવી છે જે ગુજરાતના રાજકારણની દિશા નક્કી કરશે.

કુતિયાણા : પોરબંદરની કુતિયાણા બેઠકથી સતત બે વારના વિધાયક કાંધલ જાડેજા ગુજરાતના લેડી ડોન કહેવાતા સંતોકબેન જાડેજાના પુત્ર છે. ગત બે વારથી તેઓ એનસીપીની ટિકિટ પર જીત્યા હતા પરંતુ આ વખતે સમાજવાદી પાર્ટીના ચૂંટણી ચિન્હ સાઈકલ પર ચૂંટણી લડી રહ્યા છે. કાંધલ જાડેજાનો આ વિસ્તારમાં સારો એવો પ્રભાવ છે જો કે તેમના પર અનેક કેસ પણ છે. ભાજપે અહીંથી ઢેલીબેન આડેદરાને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપને આશા છે કે મહિલા ઉમેદવાર હોવાનો તેમને લાભ મળશે અને તેઓ કમલ ખિલવશે. હવે જોવાનું એ રહેશે કે શું ખરેખર કાંધલ જાડેજા હેટ્રિક સર્જશે કે પછી ઢેલીબેન તેમને માત આપવામાં સફળ થશે.

પોરબંદર : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર જિલ્લાની આ બેઠક ખુબ ચર્ચામાં રહે છે. જેનું કારણ છે ગુજરાતના બે મોટા નેતાઓની રાજકીય લડાઈ. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપના બાબુભાઈ બોખિરિયાએ કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જૂન મોઢવાડિયાને હરાવ્યા હતા. સતત બીજીવાર મોઢવાડિયા હાર્યા હતા. આ વખતે ફરીથી બંને નેતાઓ આમને સામને છે. ગત મુકાબલો કાંટાની ટક્કર રહ્યો હતો અને બાબુભાઈ ફક્ત ૧૮૫૫ મતથી જીત્યા હતા. આ વખતે અર્જૂન મોઢવાડિયા પરિણામ બદલી શકશે કે નહીં તેના પર બધાની નજર છે.

કતાર ગામ : પૂર્વ કોન્સ્ટેબલ અને ક્લર્કની નોકરી કરી ચૂકેલા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા આ સીટથી ચૂંટણી લડી રહ્યા છે. પાટીદારોના સારા એવા પ્રભાવવાળી આ બેઠક પર તેમનો મુકાબલો વીનુ મોરડિયા સામે છે. ભાજપના નેતા વીનુ મોરડિયાનો અહીં સારો એવો પ્રભાવ છે. વીનુ મોરડિયા અને ગોપાલ ઈટાલિયાની આમને સામને ટક્કરને લઈને આ બેઠક ચર્ચામાં છે. કોંગ્રેસે આ બેઠકથી કલ્પેશ વારિયાને ઉમેદવાર બનાવ્યા છે. ત્રણેય પાર્ટીઓએ આ બેઠક માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો. હવે જોવાનું એ રહેશે કે કતારગામમાં કોનો ડંકો વાગે છે.

ભાવનગર (પશ્ચિમ) : ભાવનગર જિલ્લાની આ બેઠકથી ગુજરાત સરકારના હાલના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ૨૦૧૨થી સતત અહીંથી ચૂંટણી જીતી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ જીતુ વાઘાણીની ઘેરાબંદી કરવા માટે અહીંથી સામાજિક કાર્યકર રાજૂ સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. રાજૂ સોલંકી આપના નવા પોસ્ટર બોય પણ છે. શિક્ષણ અને સ્વાસ્થ્યને મુદ્દો બનાવનારી આમ આદમી પાર્ટી શું આ બેઠક પર જીતુ વાઘાણીને માત આપી શકશે? કે પછી વાઘાણી ફરીથી વિધાનસભા પહોંચશે. જેના પર દરેકની નજર છે. ગત વખતે વાઘાણી ૨૭,૧૮૫ મતોથી જીત્યા હતા. આ વખતે અહીં ત્રિપાંખિયો જંગ છે. કોંગ્રેસે કિશોર સિંહ ગોહિલને મેદાનમાં ઉતાર્યા છે.

વરાછા રોડ : પાટીદારોનો ગઢ મનાતી આ બેઠક ખુબ ચર્ચામાં છે. કારણ કે આમ આદમી પાર્ટીએ અહીં પાટીદાર આંદોલનના પ્રમુખ ચહેરા અલ્પેશ કથીરિયાને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ભાજપના પૂર્વ મંત્રી અને હાલના ધારાસભ્ય કિશોર કાનાણી મેદાનમાં છે. બંને વચ્ચે કાંટાની ટક્કર હોવાનું મનાય છે. અલ્પેશ કથીરિયા સૌરાષ્ટ્ર સાથે ઘરોબો ધરાવે છે. ઓક્ટોબર ૨૦૨૨ મહિનામાં આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા અલ્પેશ કથીરિયા પાટીદાર આંદોલનમાં હાર્દિક બાદ નંબર-૨ હતા. હવે જોવાનું એ રહેશે કે શું કિશોર કાનાણીનો અભેદ કિલ્લો ભેદી શકશે કે પછી કમળ જ ખીલશે?

ગોંડલ : રાજકોટની ગોંડલ સીટ બે ક્ષત્રિય પરિવારોના વર્ચસ્વની લડતના પગલે હંમેશા ચર્ચામાં રહે છે. ભાજપે આ સીટ પરથી એકવાર ફરીથી હાલના વિધાયક ગીતાબા જાડેજાને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ પૂર્વ વિધાયક જયરાજસિંહ જાડેજાના પત્ની છે તો બીજી બાજુ ટિકિટ નહીં મળતા પૂર્વ વિધાયક મહિપત સિંહ જાડેજાના પુત્ર અનિરુદ્ધ સિંહ જાડેજા નારાજ છે અને તેમણે કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાની જાહેરાત કરી છે. હવે આવામાં આ બેઠક પર ભાજપની સરળ દેખાતી રાહ કેટલી મુશ્કેલ થશે? તેને લઈને પણ બધાને રસ છે.

ખંભાળિયા : આમ આદમી પાર્ટીના ગુજરાતના સીએમ ફેસ ઈસુદાન ગઢવી આ બેઠકથી ચૂંટણી લડી રહ્યા છે જેને લઈને ખંભાળિયા બેઠક ચર્ચામાં છે. ઓબીસી વર્ગથી આવતા ઈસુદાન ગઢવી રાજકારણમાં આવતા પહેલા મૂળ તો પત્રકાર હતા, પરંતુ ચૂંટણી રણમાં ઉતર્યા બાદ વિરોધીઓને ટક્કર આપી રહ્યા છે. અહીં છેલ્લા કેટલાક દાયકાથી ફક્ત આહીર સમાજના ઉમેદવારને જીત મળી છે. આવામાં ઈસુદાન ગઢવી શું જાતિગત સમીકરણને માત આપી શકશે? તેના પર બધાની નજર છે. ભાજપે અહીંથી મૂળુભાઈ બેરાને ઉમેદવાર બનાવ્યા છે જ્યારે કોંગ્રેસે હાલના ધારાસભ્ય વિક્રમ માડમને ચૂંટણીના મેદાનમાં રિપીટ કર્યા છે.

મોરબી : ચૂંટણી પહેલા બ્રિજ દુર્ઘટનાના કારણે ચર્ચામાં આવેલી સૌરાષ્ટ્રના આ જિલ્લામાં ભાજપને નુકસાન થશે કે નહીં અને થશે તો કેટલું થશે તેના પર બધાની નજર ટકેલી છે. ભાજપે હાલના વિધાયક અને મંત્રી બ્રજેશ મેરજાની ટિકિટ કાપીને અહીંથી પૂર્વ વિધાયક કાંતિલાલ અમૃતિયાને મેદાનમાં ઉતાર્યા છે.

૨૦૧૭ની ચૂંટણીમાં બ્રજેશ મેરજાએ કોંગ્રેસની ટિકિટ પર જીત મેળવી હતી પરંતુ પછી તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા. ત્યારબાદ ૨૦૨૦માં પેટાચૂંટણી થઈ અને મેરજા જીતી ગયા. હવે તેઓ મેદાનમાં નથી. આવામાં ભાજપના ઉમેદવાર કાંતિલાલ અમૃતિયા શું ભાજપ માટે સીટ બચાવી શકશે?

જામનગર (ઉત્તર) : જામનગરની આ બેઠક પર અત્યાર સુધી ભાજપનો કબજો હતો. અહીંથી ધર્મેન્દ્રસિંહ જાડેજા ધારાસભ્ય હતા. પરંતુ આ વખતે પાર્ટીએ તેમની ટિકિટ કાપીને સ્ટાર ક્રિકેટરના પત્ની રિવાબા જાડેજાને તક આપી છે. રિવાબા ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત પણ કરી હતી. અહીં રિવાબાનો મુકાબલો કોંગ્રેસના ઉમેદવાર બિપેન્દ્રસિંહ જાડેજા સાથે છે. આ સીટ હાઈ પ્રોફાઈલ મુકાબલાથી વધુ કૌટુંબિક મતભેદ માટે ચર્ચામાં છે. રિવાબા ભાજપમા તો નણંદ નૈનાબા જાડેજા કોંગ્રેસમાં છે. એટલું જ નહીં તેમના સસરા પણ કોંગ્રેસનો પ્રચાર કરી રહ્યા છે. ત્યારે આવામાં આ બેઠક હવે મહત્વની બની રહી છે. આ સીટ ક્ષત્રિય બહુમતીવાળી છે.

વાંસદા : નવસારી જિલ્લામાં આવતી આ બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. આ સીટ વલસાડ લોકસભા વિસ્તારમાં આવે છે. આ સીટ પર હાલ કોંગ્રેસનો કબજો છે. ગત ચૂંટણીમાં અહીંથી કોંગ્રેસના યુવા નેતા અનંત પટેલે જીત મેળવી હતી.

ટ્યૂશન ટીચરમાંથી વિધાયક બનેલા અનંત પટેલ સામે આ વખતે ફરીથી જીત મેળવવાનો પડકાર છે. શું તેઓ ફરીથી જીતી શકશે તેને લઈને ચર્ચા છે. ભાજપે રાહુલ ગાંધીના નીકટના યુવા નેતાની ઘેરાબંધી કરવા માટે પિયુષ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં જે રેલીઓ કરી હતી તેમાંથી એક રેલી મહુવામાં અનંત પટેલ માટે કરી હતી. આવામાં આ બેઠક પણ મહત્વની ગણવામાં આવે છે.




જમાલપુર વિધાનસભાના ભાજપના ઉમેદવારના સમર્થનમાં જે.પી. નડ્ડાએ રોડ શો કર્યો હતો.

## હક્ક લેવા જનતા નબળી પડી રહી છે : જગદીશ ઠાકોર

પ્રતિનિધિ દ્વારા

અરવલ્લી ,તા. ૩૦

ગુજરાત ચુંટણીને લઈને અરવલ્લીમાં કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાની બાયડ વિધાનસભા બેઠકના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલાની ચૂંટણી સભા માલપુર અને બાયડના બોરડી ગામે યોજાઈ હતી. ચૂંટણીસભામાં કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરે ભાજપને આડેહાથ લીધી હતી, જાહેરસભામા જણાવ્યું હતું કે હક લેવા માટે આપણે ક્યાંક નબળા પડતા જઈ એ છીએ એટલે ભાજપ બેફામ બન્યું છે. ભાજપના નેતાઓ કોંગ્રેસના ગરીબ માણસને દબાવી દેવા ગુંડા ઉભા કરી રહ્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

માલપુર ખાતેથી જગદીશ ઠાકોરએ કહ્યું હતું કે, અમને ક્યાંક રાજકારણ શીખવાડ્યું સમાજની સેવા શીખવાડી બધાનું હું રુણ ચૂકવું છુ.

ત્યારબાદ ખોડો પાથરી માલપુરના કાર્યકરો પાસે ભીખ માંગુ છું અને તમારી પાસે ખોડો પાથર્યો છે એની લાજ રાખજો. તેમ અંતમાં જગદિશ ઠાકોરે કહ્યું હતું.

જ્યારે બાયડ તાલુકા બોરડી ગામે ચૂંટણી સભામા જગદીશ ઠાકોરે ચૂંટણી પંચ વિરુદ્ધ પણ આક્ષેપ કર્યા હતા. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ ભાજપ સરકારના ઘૂંટણિયે પડી ગયું હોવાનું જણાવ્યું હતું. વધુમાં જગદિશ ઠાકોર પોતાનું ગરીબીમાં વીતેલું નાનપણ યાદ કરીને ભાવુક થયા હતા.

### મતદાન માટે ચૂંટણી પંચનો મોટો નિર્ણય

## મતદાન માટે ઔદ્યોગિક એકમોના કામદારોને સવેતન આપવા હુકમ

### મતદાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(બી)(૧) અન્વયે સવેતન રજાનો હક્કદાર રહેશે, આ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર માલિક-નોકરીદાતા દંડ-શિક્ષાને પાત્ર રહેશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૩૦

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને લઈ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક લોકો લોકશાહીના આ પર્વમાં જોડાઈ વધુને વધુ મતદાન કરે તે માટે રજા જાહેર કરવામાં આવી છે. ઔદ્યોગિક એકમોના કામદારો અને નોકરીયાતો ને સવેતન રજા આપવાની રહેશે. તે અંગે સબંધિત વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ચૂંટણીના લઈ મતદાનને પગલે આ નિર્ણય લેવામા આવ્યો છે.આ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી અનુક્રમે તા.૧ ડિસેમ્બર અને તા.૫ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં યોજાનાર છે. જેમાં કામદારો-નોકરીયાતો સહિત કોઈપણ ધંધાર્થી મતદાન કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યુંછે કે, મતાધિકાર ધરાવતી કોઈપણ વ્યક્તિ, કોઈપણ ધંધા- રોજગાર, ઔદ્યોગિક એકમો કે અન્ય કોઈપણ સંસ્થામાં નોકરી કરતાં હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઈ છે. રોજમદાર તરીકે કામ કરતાં કર્મચારી-કામદારોના કિસ્સામાં પણ જો તેની ફરજ પર હોય અને જે મહેનતાણું-પગાર મેળવતાં હોય તે મહેનતાણું મતદાનના દિવસે મતદાન કરવાની રજા બદલ માલિક-નોકરીદાતાએ ચૂકવવાનુંરહેશે.

વર્ષ ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં વર્ષ ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫(બી) અનુસાર ધંધા-રોજગાર ઔદ્યોગિક એકમ કચેરી અને અન્ય સંસ્થાઓના માલિકોને અનુરોધ કરવામાં આવે છે કે, તેમના કામદાર/કર્મચારીઓને બે તબક્કામાં એટલે કે અનુક્રમે તા. ૧ ડિસેમ્બર અને તા. ૫ ડિસેમ્બરના રોજ જે તે મતવિભાગોમાં જ્યાં ચૂંટણી યોજાનાર છે તેવા વિધાનસભા મતવિભાગોમાં સમાવિષ્ટ વિસ્તારમાં મતદાનના દિવસે ચૂંટણીમાં મતદાન કરવાના હેતુસર રજા આપવાની રહેશે.

આ ઉપરાંત, નોંધાયેલ મતદાર જે વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જો સામાન્ય કે પેટા-ચૂંટણી હોય તેવા મતવિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમ કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવો મતદાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(બી)(૧) અન્વયે સવેતન રજાનો હક્કદાર રહેશે. આ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર માલિક-નોકરીદાતા દંડ-શિક્ષાને પાત્ર રહેશે, તેમ પણ મુખ્ય નિર્વાચન અધિકારીએ વધુમાં જણાવ્યું છે.

### ખોટી ઓળખ આપી બે કિસ્સામાં ખાતામાંથી રૂપિયા ઓળવી લેવાયા

## ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનનારને સાયબર સેલે રૂપિયા પરત અપાવ્યા

પ્રતિનિધિ દ્વારા

સુરત,તા. ૩૦

સુરતના ઉધના બીઆરસી રાજેશ્વર પ્લાઝા માં રહેતા દિનેશકુમાર પ્રસાદ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા હતા. દિનેશભાઈ એસબીઆઇ બેંક નું ક્રેડિટ કાર્ડ છેલ્લા ઘણા સમયથી વાપરી રહ્યા છે. ત્યારે દિનેશભાઈ પર sbi બેંકના નામે એક ઓનલાઈન છેતરપિંડી કરનાર ઠગનો અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. અજાણ્યા મોબાઈલ નંબર પરથી દિનેશભાઈ ને જણાવ્યું હતું કે એસબીઆઇ બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટ માંથી બોલીએ છે. તમારા ક્રેડિટ કાર્ડ ની લિમિટ તથા વેલીડીટી વધારવા માટે સ્પેશિયલ ઓફર છે. તેના માટે જરૂરી પ્રોસિજર કરવી પડશે. જેથી તેમના જણાવ્યા મુજબ દિનેશભાઈએ એની ડેસ્ક નામની એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેઓએ મોકલાવેલ લિંક મા જણાવ્યા મુજબની માહિતી સબમિટ કરી હતી. બાદમાં થોડા જ સમયમાં દિનેશભાઈ ના એસબીઆઇ બેંકના ક્રેડિટ કાર્ડ માંથી કુલે ૯૬,૯૯૯ ઓનલાઇન ટ્રાન્સફર થઈ ગયા હતા. અચાનક જ રૂપિયા ટ્રાન્સફર થઈ જતા દિનેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થયાનો અનુભવ થયો હતો. ત્યારબાદ દિનેશભાઈએ તે નંબર પર ફોન પણ કર્યો અને રૂપિયા પરત લાવવા માટેની વાત પણ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ ફોન બંધ થઈ ગયો હતો અને કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. સુરતના પાલનપુર પાટિયા વિસ્તારમાં રહેતા ભૂમિકાબેન એન્જિનિયર પણ જીઈબીના બિલ ભરવાના નામે ઓનલાઈન છેતરપિંડી નો ભોગ બન્યા હતા. છેતરપિંડી કરનાર ફ્રોસ્ટર દ્વારા અજાણ્યા મોબાઈલ નંબર પરથી ભૂમિકાબેન ના મોબાઈલ નંબર પર ટેક્સ મેસેજ મોકલવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે તમારા પાછલા મહિનાનું ઈલેક્ટ્રીક સીટી નું બિલ ભરવાનું બાકી છે. જેથી અમે તમારું વીજ જોડાણ રાત્રે ૯:૩૦ વાગે કાપી નાખીશું. જેથી આ મેસેજ જોઈ ગભરાઈ ગયેલા ભૂમિકાબેન એ મેસેજમાં આવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા સામે જીઈબી માંથી બોલું છું તેવી ઓળખ આપી હતી. ત્યારબાદ ભૂમિકાબેન ના મોબાઈલ નંબર પર લિંક મોકલાવી આપી હતી અને તેના માધ્યમથી રૂપિયાનું ટ્રાન્જેક્શન કરવા જણાવ્યું હતું. જેની પર ભૂમિકાબેન દ્વારા પોતાના ક્રેડિટ કાર્ડની વિગતો સબમિટ કરતા તેના બેંક એકાઉન્ટ માંથી રૂપિયા ૧૦,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા હતા. ઘરના લાઈટ બિલની રકમ કરતાં વધુ રકમ બેંકમાંથી ટ્રાન્સફર થઈ જતા પોતાની છેતરપિંડીનો ભોગ બન્યા છે તેવી જાણ થઈ હતી.

Sbi ક્રેડિટ કાર્ડ ના નામે છેતરપિંડીનો ભોગ બનનાર દિનેશ પ્રસાદ અને જીઈબીના બિલ ભરવાના નામે છેતરપિંડીનો ભોગ બનનાર ભૂમિકા એન્જિનિયર ના કિસ્સામાં સાઈબર ક્રાઈમ દ્વારા ૨૪ કલાકની અંદર રૂપિયા પરત અપાવ્યા છે. ભોગ બનનાર બંને ફરિયાદી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા તાત્કાલિક સાયબર પોલીસ મથકનો સંપર્ક આવ્યો હતો. સાયબર પોલીસ દ્વારા બંને ભોગ બનનારાઓની તમામ બેંક ટ્રાન્જેક્શન ની વિગતો મેળવીને ઓનલાઈન કરાવેલા પેમેન્ટ ને તાત્કાલિક ફ્રીઝ કરી દીધું હતું. અને ત્યારબાદ જે બેંકમાંથી ટ્રાન્જેક્શન થયું હતું ત્યાંથી પરત મેળવી લેવાયું હતું.

## મુમતપુરા બ્રિજનો ભાગ તૂટવાની ઘટનાથી હાહાકાર

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૩૦

ગઈ ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ કોંક્રિટ ડેકની પોસ્ટ ટેન્શનિંગ કવાયત દરમિયાન નિર્માણધીન મુમતપરા બ્રિજનો એક ભાગ તૂટી પડ્યો હતો. ત્યારે અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથિરિટીએ બાંધકામ કરી રહેલી કંપની રણજીત બિલ્ડકોનને સસ્પેન્ડ કરી હતી અને તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. ફ્લાયઓવરના ઉદ્ઘાટનના અઠવાડિયા પહેલાં જ તે તૂટી પડ્યો હતો. આ ફ્લાયઓવર દક્ષિણ બોપલના રહેવાસીઓને સરળ રસ્તો પ્રદાન કરશે એવું માનવામાં આવે છે. આ ઘટનાના છ મહિના પછી બીજી જુલાઈના રોજ ઔડાની એક્ઝિક્યુટિવ બ્રાંચે કોન્ટ્રાક્ટને ત્રણ વર્ષ માટે પ્રતિબંધ કરવાની દરખાસ્ત તૈયાર કરી હતી. જો કે, જ્યારે ચાર જુલાઈના રોજ ઔડાના એજન્ડા પર આ પ્રસ્તાવ આવ્યો ત્યારે, રણજીત બિલ્ડકોનને મુમતપુરા ફ્લાયઓવરના વધુ બાંધકામથી રોકવામાં આવે, અન્ય કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવે અને જ્યાં સુધી રાજ્ય સરકારની સમિતિ દ્વારા તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રણજીત બિલ્ડકોનને ભવિષ્યમાં બાંધકામનું કોઈ પણ કામ ફાળવવામાં ન આવે. ઔડાના અધિકારીઓએ કહ્યું હતું કે, ફ્લાયઓવર પ્રોજેક્ટમાં વિલંબ થાય એ નક્કી છે અને તેના કારણે ખર્ચમાં રુપિયા ૮૨ કરોડથી પણ વધુનો વધારો થશે. જુલાઈ-નવેમ્બરના સમયગાળા દરમિયાન ઔડાએ બીડ માટે બે ટેન્ડર બહાર પાડ્યા હતા, પણ સૂત્રોનું માનીએ તો સત્તાધિકારીઓને કોઈ પણ પ્રકારની બીડ મળી નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે બિડર્સને કામમાં રસ ન હતો કારણ કે ટેન્ડરની શરત કહે છે કે બિડર સમગ્ર બ્રિજ માટે જવાબદાર રહેશે જ્યારે કામ ફક્ત બ્રિજના બાકીના બાંધકામને પૂર્ણ કરવા માટે છે. સૂત્રોએ એવું પણ કહ્યું કે, આ કામ માટે બોલી લગાવનારાવાળાઓને કામમાં કોઈ રસ નહોતો, કારણ કે ટેન્ડરમાં એવી શરત મૂકવામાં આવી હતી કે બોલી લગાવનારા પર બ્રિજની જવાબદારી હશે. જ્યારે કામ ફક્ત બ્રિજના બાકીના બાંધકામને પૂર્ણ કરવાનું છે. ઔડાએ આ ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી હતી. રાજ્ય સરકારે પ્છઙ્ઘ તત્કાલિન આયોજન સચિવ રાકેશ શંકરને સમિતિના વડા તરીકે નિયુક્ત કર્યા હતા. જો કે, કમિટીએ હજુ સુધી પોતાનો અંતિમ અહેવાલ સોંપ્યો નથી. તો ઔડાના ઝઈ ડી પી દેસાઈએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું કે, અમે આ બ્રિજને પૂર્ણ કરવા માટે બે વખત ટેન્ડર બહાર પાડ્યા હતા. પરંતુ કોઈ પણ બીડર્સ આગળ આવ્યા નથી. જેથી અમે રણજીત બિલ્ડકોનને કામ પૂર્ણ કરવાનું નક્કી કર્યુ છે.

### પીએમ નરેન્દ્ર મોદી ભવ્ય રોડ શોમાં બપોરે ૩ વાગ્યે જોડાશે

## આજથી બે દિવસ વડાપ્રધાન ગુજરાત પ્રવાસે,બીજા તબક્કા માટે પ્રચાર કરશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨ ચરણોમાં થવાની છે જેના ફેઝ ૧નું મતદાન આજે એટલે કે ૧ ડિસેમ્બરનાં રોજ કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં થશે. તો મતદાનની વચ્ચે PM મોદી ફરી ગુજરાત પ્રવાસે હશે. પીએમ નરેન્દ્ર મોદી ભવ્ય રોડ શોમાં બપોરે ૩ વાગ્યે જોડાશે. શહેરની તમામ બેઠક કવર થાય એ રીતે પીએમનો રોડ શો રૂટ નક્કી કરાયો છે. ૧ અને ૨ ડિસેમ્બર PM મોદી ગુજરાતનાં પ્રવાસે પધારવાનાં છે. અમદાવાદમાં બીજા તબક્કા માટે કરશે ચૂંટણીનાં પ્રચાર માટે ભવ્ય રોડ શો કરશે. બપોરે ૩ વાગ્યે આ રોડ શો નરોડાથી શરૂ થશે અને ચાંદખેડા સુધી ચાલશે.

અમદાવાદમાં રોડ શો સિવાય ૧ ડિસેમ્બરનાં રોજ કાલોલમાPM મોદી સભા કરશે. આ ઉપરાંત હિંમતનગરમાં અને છોટાઉદેપુરમાં ચૂંટણી પ્રચાર કરશે તો PM મોદી ગાંધીનગર ખાતે રાત્રી રોકાણ કરશે.

બપોરે ૩ વાગ્યે આ રોડ શો નરોડાથી શરૂ થશે અને ચાંદખેડા સુધી ચાલશે.

નરોડા ગામ- બેઠક -નરોડા પાટિયા સર્કલ - કૃષ્ણનગર ચાર રસ્તા હીરાવાડી - સુહાના રેસ્ટોરન્ટ- શ્યામ શિખર ચાર રસ્તા - બાપુનગર ચાર રસ્તા- ખોડિયારનગર - BRTS રૂટ વિરાટનગર - સોનીની ચાલી- રાજેન્દ્ર ચાર રસ્તા -રબારી કોલોની- CTM થી જમણી બાજુ - હાટકેશ્વર ચાર રસ્તા- ખોખરા સર્કલ- અનુપમ બ્રિજ- પંડિત દિન દયાલ ઉપાધ્યાય પ્રતિમા - ફૂટબોલ ગ્રાઉન્ડ- ભુલાભાઈ ચાર રસ્તા- ડાબી બાજુ- શાહ - આલમ ટોલનાકા - દાણીલીમડા ચાર રસ્તા- મંગલ વિકાસ ચાર રસ્તા- ખોડિયારનગર બહેરામપુરા- ચંદ્રનગર - ધરણીધર ચાર રસ્તા- જીવરાજપાર્ક ચાર રસ્તા- શ્યામલ ચાર રસ્તા- શિવરંજની ચાર રસ્તા- હેલ્મેટ ચાર રસ્તા AEC ચાર રસ્તા- પલ્લવ ચાર રસ્તા- પ્રભાત ચોક - પાટીદાર ચોક અખબારનગર ચાર રસ્તા- વ્યાસવાડી - ડી માર્ટ —આર.ટી.ઓ સર્કલ સાબરમતી પાવર હાઉસ - સાબરમતી પોલીસ સ્ટેશન - વિસત ચાર રસ્તા - જનતાનગર ચાર રસ્તા - IOC ચાર રસ્તા ચાંદખેડા

## દારૂબંધી હટાવવાના વચન સાથે મેદાનમાં ઉતર્યા છે અપક્ષ ઉમેદવારો

### ગુજરાતમાં દારૂબંધી છે એ વાતથી કોઈ અજાણ નથી, પરંતુ આ દારૂબંધી હટાવવાની માંગ સમયાંતરે ઉઠતી રહે છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૩૦

ગુજરાતમાં દારૂબંધી છે એ વાતથી કોઈ અજાણ નથી. પરંતુ આ દારૂબંધી હટાવવાની માંગ સમયાંતરે ઉઠતી રહે છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવી છે ત્યારે ઘણાં ઉમેદવારો એવા વચન સાથે મેદાનમાં ઉતર્યા છે કે જો તે જીતશે તો રાજ્યમાંથી દારૂબંધી હટાવવાનો પ્રયત્ન કરશે. મોટાભાગે આ ઉમેદવારો અપક્ષ તરીકે ઉતર્યા છે.

આ ઉમેદવારોનો દાવો છે કે, દારૂબંધીનો નિયમ રાજ્યમાં માત્ર કાગળ પર જ છે અને આ નિયમને કારણે સરકારી તિજોરીએ ઘણું નુકસાન વેઠવું પડે છે. ૪૦ વર્ષીય નરેશ પ્રિયદર્શી એક સોફ્ટ ડેવલોપર છે. તેઓ અમદાવાદની ઘાટલોડિયા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાના છે. રસપ્રદ બાબત એ છે કે, આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીની ટિકિટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળી છે. નરેશ પ્રિયદર્શીનું સૂત્ર છે- ગુજરાત બોટલ લઈને રહેશે. નરેશ જણાવે છે કે, મને એવો કોઈ અહંકાર નથી કે હું મુખ્યમંત્રીની સામે ઉભો રહ્યો છું. મારો ઈરાદો આ બિનજરુરી કાયદાનો વિરોધ કરવાનો છે. ૧૯૬૦માં જ્યારે ગુજરાતની સ્થાપના થઈ હતી ત્યારથી જ દારૂબંધીનો અમલ કરવામાં આવ્યો છે. પરંતુ તેનાથી સમાજના એક પણ વર્ગને ફાયદો નથી થયો. નરેશ પ્રિયદર્શી આગળ જણાવે છે કે, આ કાયદાને કારણે રાજ્યની સરકારી તિજોરીએ હજારો કરોડોનું નુકસાન ઉઠાવવું પડે છે. આ કાયદાના અમલીકરણમાં પણ કચાશ છે જેના પરિણામે ઘણીવાર લઠ્ઠાકાંડ જેવા બનાવો બને છે અને ઘણાં લોકો જીવ ગુમાવે છે. ડ્રાય સ્ટેટ હોવા છતાં દારૂની હેરાફેરી અહીં થતી જ હોય છે. માટે આવા નિયમનો હવે અંત આવવો જોઈએ. નરેશ એક બોટલને પોતાનું ચૂંટણી ચિહ્ન બનાવવા માંગતા હતા, પરંતુ તેમનું ચૂંટણી ચિહ્ન કેરબો છે. નરોડાના અપક્ષ ઉમેદવાર રામકુમાર ગુલવાણી મતદારોને જણાવે છે કે, રાજકીય પાર્ટીઓ લોકોને જે રેવડી આપવાની વાતો કરે છે, વિનામૂલ્યે સેવાઓના વચનો આપે છે, તે પૂરા કરવા માટે દારૂબંધીનો અંત લાવવો જોઈએ. કારણકે જો આમ થશે તો ૨૧૦૦૦ કરોડ રુપિયાની આવક થશે, પરિણામે રાજ્યની તિજોરીને લાભ થશે. નોંધનીય છે કે દારૂબંધી વિશે વાત કરવામાં આવે ત્યારે ઘણીવાર રાજકોષનો ઉલ્લેખ થતો જ હોય છે. વર્ષ ૨૦૧૮માં ગુજરાતના તે સમયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે નિતિ આયોગ સમક્ષ ૯૦૦૦ કરોડ રુપિયાના વળતરની માંગ કરી હતી. તેમણે કહ્યુ હતું કે, દારૂબંધીને કારણે થતા રેવન્યુના નુકસાનને કારણે આ રકમ રાજ્યને મળવી જોઈએ. વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો, લગભગ ૧૨૪ કરોડ કિંમતનો ૫૭ લાખ લિટર ગેરકાયદેસર દારૂ રાજ્યની પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં ઘણી અરજીઓ કરવામાં આવી છે જેમાં દારૂને લગચા નિયમો હળવા કરવાની માંગ કરવામાં આવી છે. જાહેરમાં નહીં તો ઘરમાં ખાનગી ધોરણે દારૂનું સેવન કરવાની મંજૂરી પણ માંગવામાં આવી છે. રાજકુમાર ગુલવાણી કહે છે કે, દારૂ પીનાર લોકોને ગુનેગારની નજરથી જોવામાં આવે છે. આજના સમયમાં આ વાત ખોટી છે. ગુજરાતમાં રેવન્યુની તંગી છે જ્યારે આપણા પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ ટૂરિઝમના મોટા કેન્દ્રો બની ગયા છે, કારણકે ત્યાં દારૂ ઉપલબ્ધ છે. વડોદરામાં એક સમૂહ છે જેનું નામ છે, ગુજરાતમાં દારૂબંધીની જરૂર નથી. આ સમૂહ દ્વારા લોકોને NOTAનો વિકલ્પ પસંદ કરવાની સલાહ આપવામાં આવે છે. તેઓ કહે છે કે આ વિરોધની એક ઉત્તમ રીત છે.